dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 284 | AD - 2026, Ashadh Sud -07 | Monday, Dt. 20-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો

# કેશ્મ ટાપુ સહિત ઈરાનના અનેક વિસ્તારોમાં અમેરિકાના હવાઈ હુમલા

વોશિંગ્ટન, તા.૧૯

અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને કેન્દ્રમાં રાખીને ચાલી રહેલો લશ્કરી સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. અમેરિકન ફાઈટર જેટ્સે ઈરાનના કેશ્મ ટાપુ અને વ્યૂહાત્મક મહત્વ ધરાવતા સિરિક બંદર વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા હોવાનું ઈરાની તસ્નીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું છે. હુમલા દરમિયાન કેશ્મ ટાપુ પર બે જોરદાર વિસ્ફોટ સંભળાયા હતા, જ્યારે નુકસાનનું મૂલ્યાંકન કરવા કટોકટી અને સુરક્ષા ટીમોને તૈનાત કરવામાં આવી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ સતત આઠમી રાત્રે લશ્કરી કાર્યવાહી હાથ ધર્યાની પુષ્ટિ કરી છે. અમેરિકાના જણાવ્યા મુજબ આ કાર્યવાહીનો હેતુ હોર્મુઝ સ્ટ્રેટમાં વેપારી જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને ઈરાની લશ્કરી ક્ષમતાને નબળી પાડવાનો છે. આ હુમલા જાર્ડનમાં ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલામાં બે અમેરિકન સૈનિકોના મોત બાદ કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. વધુ એક અમેરિકન સૈનિક ગુમ હોવાનું પણ સૈન્યે જણાવ્યું છે.



બીજી તરફ ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીએ અમેરિકાની કાર્યવાહીની કડક નિંદા કરતાં ચેતવણી આપી છે કે ઈરાન આ હુમલાનો યોગ્ય જવાબ આપશે. ઈરાનના લશ્કરી સલાહકાર મેજર જનરલ મોહસેન રેઝાઈએ પણ જણાવ્યું છે કે જો અમેરિકાના હુમલા ચાલુ રહેશે તો ઈરાન સંપૂર્ણ પાયે લશ્કરી કાર્યવાહી કરશે.

ઈરાને ખાડી વિસ્તારમાં આવેલા અમેરિકન ઠેકાણાઓને નિશાન બનાવી મિસાઈલ અને ડ્રોન હુમલા તેજ કર્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. કુવૈતે તેના તેલ અને પાણીના પ્લાન્ટ પર થયેલા હુમલાની નિંદા કરી છે, જ્યારે બહેરીન અને જાર્ડને અનેક મિસાઈલો અને ડ્રોન તોડી પાડ્યાનો દાવો કર્યો છે. ઈરાકે પણ એર્બિલ વિસ્તારમાં ઈરાની ડ્રોનને નિષ્ક્રિય બનાવ્યા હોવાનું જણાવ્યું છે. સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની કાર્યવાહી કરી હોવાનું જણાવાઈ રહ્યું છે, જ્યારે અમેરિકાએ ઈરાની બંદરો પર નાકાબંધી વધુ કડક બનાવી છે. ઈરાની સત્તાવાર અહેવાલો મુજબ તાજેતરના અમેરિકન હુમલાઓમાં ડઝનો લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. બીજી તરફ અમેરિકાએ પણ અનેક સૈનિકોના મોત અને ઈજાની પુષ્ટિ કરી છે. સતત વધી રહેલા આ હુમલાઓ વચ્ચે પશ્ચિમ એશિયામાં શાંતિની સંભાવનાઓ વધુ ધૂંધળી બની રહી છે.

યુધ્ધ દરમિયાન પહેલી વાર, ઈરાને સ્વીકાર્યું છે કે યુએસ હુમલામાં તેના પાવર પ્લાન્ટને નુકસાન થયું હતું. ઉર્જા મંત્રાલયે દક્ષિણ પ્રાંતોના લોકોને વીજળી બચાવવા માટે અપીલ કરી હતી. ઉર્જા મંત્રાલયે સ્પષ્ટ કર્યું નથી કે કયા સ્થાપનો પ્રભાવિત થયા હતા.

# ભારે વરસાદ અને ભૂસ્ખલનની આશંકા વચ્ચે અમરનાથ અને વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત

બાલતાલ, તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનની આગાહીને પગલે અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને બાલતાલ અને પહેલગામ બંને રૂટ પરથી યાત્રાળુઓને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી નથી. યાત્રાળુઓને આગામી સૂચના સુધી બાલતાલ, નુનવાન અને ચંદનવારી બેઝ કેમ્પમાં સુરક્ષિત



રહેવા સૂચના આપવામાં આવી છે. કાશ્મીરના વિભાગીય કમિશનર અંશુલ ગર્ગે જણાવ્યું કે યાત્રાળુઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવામાન અને માર્ગની સ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા બાદ જ યાત્રા ફરી શરૂ કરવામાં આવશે. અત્યાર સુધીમાં ૩.૭૬ લાખથી વધુ શ્રધ્ધાળુઓ અમરનાથ ગુફાના દર્શન કરી ચૂક્યા છે.

ભારે વરસાદ અને ભૂસ્ખલનની સંભાવનાને કારણે માતા વૈષ્ણોદેવીની યાત્રા પણ આગામી આદેશ સુધી સ્થગિત કરવામાં આવી છે. યાત્રાળુઓએ વહીવટીતંત્રના નિર્ણયને આવકારી સલામતીને પ્રથમ પ્રાધાન્ય આપવાની જરૂરિયાત વ્યક્ત કરી છે. અધિકારીઓએ તમામ યાત્રાળુઓને હવામાન સુધરે ત્યાં સુધી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

# રામ મંદિર પ્રસાદ મામલે સ્વતંત્ર તપાસ કરવા ખડગે અને રાહુલ ગાંધીનો પીએમ મોદીને પત્ર

લખનૌ, તા.૧૯

અયોધ્યાના રામ મંદિરના પ્રસાદના સંચાલન અને કથિત નાણાકીય ગેરરીતિના મુદ્દે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંયુક્ત પત્ર લખી સ્વતંત્ર અને વ્યાપક તપાસની માંગ કરી છે.પત્રમાં બંને નેતાઓએ ટ્રસ્ટની નાણાકીય કામગીરી તેમજ ભક્તો પાસેથી મળેલા રોકડ, સોનું, ચાંદી અને અન્ય પ્રસાદના સંચાલનની નિષ્પક્ષ તપાસ કરાવવા અપીલ



કરી છે. તેમણે તપાસ પૂર્ણ થયા બાદ તેનો અહેવાલ અને ટ્રસ્ટના હિસાબો જાહેર કરવાની પણ માંગ કરી છે, જેથી ભક્તોને તેમના દાનનો ઉપયોગ કેવી રીતે થયો તેની પારદર્શક માહિતી મળી શકે. ખડગે અને રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે પ્રસાદના સંચાલન અંગેના આરોપોથી લાખો ભક્તોની લાગણી દુભાઈ છે અને તેમના વિશ્વાસને આંચકો પહોંચ્યો છે. તેમણે નોંધ્યું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ કેન્દ્ર સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી હતી, તેથી પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી સરકારની ફરજ છે. કોંગ્રેસના બંને નેતાઓએ દોષિત સામે હોદ્દો કે પ્રભાવની પરવા કર્યા વિના કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. જોકે, આ આરોપો અંગે સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે.

### બીજી સ્વતંત્રતા ચળવળ, સમર્થકોને જોડાવા અપીલ

# સોનમ વાંગચુકની ૨૦ જુલાઈના સંસદ માર્ચ માટે અપીલ

નવી દિલ્હી, તા.૧૯

પર્યાવરણીય કાર્યકર સોનમ વાંગચુકે તેમની પત્ની ગીતાંજલી મારફતે હસ્તલિખિત સંદેશ જાહેર કરી ૨૦ જુલાઈના સંસદ માર્ચને સફળ બનાવવા અપીલ કરી છે. તેમણે આ કાર્યક્રમને ×સ્વતંત્રતા માટેનું બીજું આંદોલન× ગણાવ્યું છે. હાલમાં વાંગચુક સફદરજંગ હોસ્પિટલમાં તબીબી દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું



હોસ્પિટલ દ્વારા જણાવાયું છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશને પણ વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી કથિત પોલીસ કાર્યવાહીનો વિરોધ વ્યક્ત કરી વાંગચુકના સમર્થનમાં પોતાનો અભિપ્રાય જાહેર કર્યો છે.

### સોનમ વાંગચુકની સારવાર મુદ્દે પત્ની હાઈકોર્ટમાં

પર્યાવરણ કાર્યકર સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિએ સફદરજંગ હોસ્પિટલની કામગીરી પર સવાલ ઉઠાવી દિલ્હી હાઈકોર્ટમાં તાત્કાલિક સુનાવણીની માંગ સાથે અરજી દાખલ કરી છે. તેમણે દાવો કર્યો છે કે હોસ્પિટલ સોનમ વાંગચુકને રજા આપવા અથવા તેમની પસંદગીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની મંજૂરી આપી રહી નથી. સાથે જ હોસ્પિટલ દ્વારા જાહેર કરાયેલી આરોગ્ય માહિતી અંગે પણ તેમણે પ્રશ્નો ઉઠાવ્યા છે. અરજીમાં વાંગચુકને તેમની પસંદગીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની મંજૂરી આપવા અપીલ કરવામાં આવી છે.

# ભારત આગામી અઠવાડિયે SCO અને આસિયાન વિદેશ મંત્રીઓની બેઠકોમાં લેશે ભાગ


નવી દિલ્હી, તા.૧૯

ભારત આગામી અઠવાડિયે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) અને આસિયાન વિદેશ મંત્રીઓની બેઠકોમાં ભાગ લેશે. બેઠક દરમિયાન આતંકવાદ અને ઉગ્રવાદ સામે સહકાર, દરિયાઈ સુરક્ષા મજબૂત બનાવવી, સપ્લાય ચેઈનને વધુ સક્ષમ બનાવવી તથા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા જાળવવા જેવા મુદ્દાઓ પર ભારત ભાર મૂકશે. મનીલામાં યોજાનારી આસિયાન બેઠક દરમિયાન ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક પણ યોજાય તેવી શક્યતા છે, જેમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના પ્રતિનિધિઓ ભાગ લેશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૦-૦૭-૨૦૨૬

**શેત્રુંજી નદી બચાવવા આખું ગામ એકજૂટ, ડ્રોન અને સીસીટીવીથી રખાશે નજર**

# અમરેલીના સરંભડામાં રેતી માફિયાઓ સામે જનઆક્રોશ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના સરંભડા ગામમાં શેત્રુંજી નદીના પટમાંથી ભૂમાફિયાઓ દ્વારા લાંબા સમયથી થઈ રહેલા ગેરકાયદેસર રેતી ખનન સામે હવે ગ્રામજનોએ આરપારની લડાઈનું એલાન કર્યું છે. અતિશય રેતી ચોરીના કારણે નદીના અસ્તિત્વ અને પર્યાવરણ સામે મોટું જોખમ ઊભું થતાં સમગ્ર ગામ એકજૂટ થયું છે. આ ગંભીર મુદ્દે ગામમાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા માટેના આકરા નિર્ણયો લેવામાં આવ્યા હતા સરંભડા ગામમાં યોજાયેલી આ જનજાગૃતિ બેઠકમાં માત્ર સ્થાનિક રહીશો જ નહીં, પરંતુ રોજગાર અર્થે સુરત, અમદાવાદ, વડોદરા અને મુંબઈ જેવા મોટા શહેરોમાં સ્થાયી થયેલા ગામના યુવાનો તેમજ અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં હાજર સૌ કોઈએ એક સ્વરે સંકલ્પ કર્યો હતો કે, હવેથી ગામની જીવાદોરી સમાન શેત્રુંજી નદીમાંથી કોઈપણ સંજોગોમાં ગેરકાયદેસર રીતે એક કણ પણ રેતી ઉપાડવા દેવામાં આવશે નહીં. આ બેઠક પૂર્ણ થયા બાદ મોટી સંખ્યામાં અબાલ-વૃધ્ધ સૌ ગ્રામજનો એકત્રિત થઈને શેત્રુંજી નદીના પટમાં પહોંચ્યા હતા. જ્યાં તેમણે પરંપરાગત શૈલીમાં વિરોધ પ્રદર્શિત કરવા માટે રામધૂન બોલાવી હતી. ત્યારબાદ ગ્રામજનોએ



નદીના પટમાં 'રેતી ચોરી બંધ કરો' અને 'શેત્રુંજી નદી બચાવો' જેવા ગગનભેદી નારા લગાવીને પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર, સરંભડા વિસ્તાર ઈકો-સેન્સિટિવ ઝોનની શ્રેણીમાં આવે છે. આ આસપાસના જંગલ અને નદી વિસ્તારમાં સિંહ, દીપડા તેમજ અન્ય દુર્લભ વન્યપ્રાણીઓની સતત અવરજવર રહેતી હોય છે. ભૂમાફિયાઓ દ્વારા દિવસ-રાત કરવામાં આવતા અંધાધૂંધ રેતી ખનનને કારણે નદીમાં પાણીના તળ ઊંડા જઈ રહ્યા છે અને જળસંગ્રહ ક્ષમતા ઘટી રહી છે, જે ભવિષ્યમાં પર્યાવરણ અને વન્યજીવો માટે ભારે વિનાશક સાબિત થઈ શકે છે.ગામ લોકોએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે જો આગામી સમયમાં ફરી કોઈ વાહન નદીમાં રેતી ચોરી કરતું ઝડપાશે, તો તે વાહનો, સંડોવાયેલા ઈસમો અને સમગ્ર વિગતોના પુરાવા એકત્ર કરી પોલીસ તેમજ ખાણ-ખનિજ વિભાગને સોંપી કાયદેસરની કડક કાર્યવાહી કરાવવામાં આવશે. આ ઉપરાંત, ભૂમાફિયાઓ પર બાજ નજર રાખવા માટે ગામમાં વ્યૂહાત્મક સ્થળોએ સીસીટીવી (CCTV) કેમેરા લગાવવાનો અને જરૂર પડ્યે ડ્રોન કેમેરાની મદદથી આખા નદી વિસ્તાર પર દેખરેખ રાખવાનો નિર્ણય પણ લેવાયો છે. ગામના યુવાનોએ નદીના રક્ષણ માટે ચોવીસ કલાક ખડેપગે વોચ રાખવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. વહીવટી તંત્ર અને પોલીસના સહયોગથી ગામલોકો આ ગેરકાયદેસર પ્રવૃત્તિને જડમૂળથી નાબૂદ કરવા કટિબધ્ધ બન્યા છે.

## બાબરાની સોસાયટીઓમાં રખડતા ઢોરનો વધતો ત્રાસઃ નગરપાલિકા તંત્ર સામે નાગરિકોમાં રોષ

બાબરા,તા.૧૯

બાબરા શહેરના વિવિધ સોસાયટી વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રેઢિયાળ ઢોર અને આખલાઓનો ત્રાસ સતત વધી રહ્યો છે.

મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક માર્ગો પર દિવસ-રાત પશુઓના ટોળાં જમા રહેતા હોવાથી વાહનચાલકો, રાહદારીઓ, વૃધ્ધો અને શાળાએ જતા બાળકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.



સ્થાનિકોના જણાવ્યા મુજબ, અનેક વખત રસ્તા પર પશુઓ અચાનક દોડી આવતા અકસ્માતનો ભય રહે છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં આ સમસ્યા વધુ ગંભીર બને છે, જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેથી નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખી બાબરા નગરપાલિકા તંત્ર તાત્કાલિક અસરકારક ડ્રાઈવ યોજી આ પશુઓને યોગ્ય સ્થળે ખસેડે તેવી લોક માંગ પ્રબળ બની છે.

## ખાંભા રેન્જમાં ૧૫ વર્ષના સિંહનો મૃતદેહ મળ્યો, અમરેલી જિલ્લામાં બે મહિનામાં ૬ સિંહના મોત

અમરેલી,તા.૧૯

ધારી ગીર પૂર્વ ડિવિઝનની ખાંભા-તુલસીશ્યામ રેન્જ હેઠળના રબારીકા રાઉન્ડ વિસ્તારમાંથી એક સિંહનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે.

પથ્થરમાળા રેવન્યુ વિસ્તારમાં સ્થાનિક માલધારીએ સિંહનો મૃતદેહ જોતાં જ તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી, જેના પગલે વનવિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.વનવિભાગ દ્વારા સિંહના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. ધારી ગીર પૂર્વના ડી.સી.એફ. વિકાસ યાદવના જણાવ્યા અનુસાર,




મૃત સિંહની ઉંમર આશરે ૧૫ વર્ષની હતી અને તેનું મોત વૃધ્ધાવસ્થાના કારણે કુદરતી રીતે થયું છે. સિંહના તમામ અંગો અકબંધ મળી આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે મહિનામાં જ અમરેલી જિલ્લામાં કુલ ૬ સિંહોના મોત થતાં વન્યજીવ પ્રેમીઓમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

## લીલીયામાં શેત્રુંજી નદીના પટમાંથી ગેરકાયદે રેતી ચોરી ઝડપાઈઃ ૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત

લીલીયા,તા.૧૯

લીલીયાના આંબા-જીરા વિસ્તારમાં વહેતી શેત્રુંજી નદીના પટમાં ખાણ-ખનીજ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. નદીના પટમાંથી મોટા પાયે ચાલી રહેલી ગેરકાયદે રેતી ચોરી સામે તંત્રએ લાલ આંખ કરી છે. ગેરકાયદે ખનન પ્રવૃત્તિ પર અચાનક દરોડા પાડીને ખાણ-ખનીજ વિભાગની ટીમે રેતી ચોરીમાં સંડોવાયેલા ૩ ડમ્પર અને ૨ ટ્રેક્ટર ઝડપી પાડ્યા છે. જોકે, આ તમામ વાહનો ખાલી હાલતમાં મળી આવ્યા હતા. વિભાગ દ્વારા આશરે રૂ.૩૧ લાખની કિંમતનો તમામ



મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ખનીજ માફિયાઓ સામે કડક વલણ અપનાવતા ખાણ-ખનીજ વિભાગે ઝડપાયેલા તમામ વાહનો પોતાના કબજામાં લીધા છે અને આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે વાહનો પોલીસને સોંપી દીધા છે.

## રાજુલાના બારપટોળી ગામે બે ગાયોનું જટિલ ઓપરેશન કરી કેન્સર મુક્ત કરાઈ

અમરેલી,તા.૧૯

રાજુલાના બારપટોળી ગામના પશુપાલક મેરુભાઈ વાઘની બે ગાયો છેલ્લા ૬ મહિનાથી શિંગડાના અસહ્ય દુખાવાથી પીડાતી હતી. આ અંગેની જાણ થતાં જ ૧૯૬૨ ફરતા પશુ દવાખાના (MVD) દાંતરડીના ડૉ. સુશીલ ચાંડેરા અને વિક્ટર ટીમના ડૉ. ભરતસિંહ ગોહિલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં ગાયોને હોર્ન કેન્સર હોવાનું બહાર આવતા, શિંગડા દૂર કરવા ઓપરેશન કરવું અનિવાર્ય બન્યું હતું. પશુ ચિકિત્સકોએ ગૌશાળા ખાતે જ ગાયોનું જટિલ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડી કેન્સરગ્રસ્ત ભાગ દૂર કર્યો હતો. આ કામગીરીમાં પાયલોટ ગુણાભાઈ અને અજયભાઈએ પણ મહત્વનો સહયોગ આપ્યો હતો.

## અમરેલી જીલ્લામા ખેતીના સાધનો સહાય યોજનાની દરખાસ્ત રજુ કરવા ખેતીવાડી ખાતાનો અનુરોધ

**૬૦ દિવસની મર્યાદામાં જે-તે તાલુકાના ગ્રામસેવક અથવા વિસ્તરણ અધિકારી (ખેતી)ને કાગળો રજૂ કરવાના રહેશે**

અમરેલી,તા.૧૯

વર્ષ ૨૦૨૬-૨૭માં એ.જી.આર.-૫૦ ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર) યોજના અંતર્ગત પૂર્વમંજૂરી મેળવેલા અમરેલી જિલ્લાના ખેડૂતોએ ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરી નિયત સમયમાં દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

તમામ લાભાર્થીઓએ સરકાર માન્ય મોડેલના ટ્રેક્ટરની ખરીદી અને પાસિંગ કરાવીને જરૂરી તમામ સાધનિક કાગળો પૂર્વમંજૂરીની તારીખથી ૬૦ દિવસની મર્યાદામાં જે-તે તાલુકાના ગ્રામસેવક અથવા વિસ્તરણ અધિકારી (ખેતી)ને સબમિટ કરવાના રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ, આ તમામ ડોક્યુમેન્ટ્સ આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર અપલોડ કરવા ફરજિયાત છે. જો નિયત સમય મર્યાદામાં કાગળો અપલોડ કે રજૂ કરવામાં નહીં આવે, તો અરજી રદ ગણાશે અને ત્યારબાદ સહાય માટેનો કોઈ દાવો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

## બાબરા ખોજા જમાતખાને રક્તદાન કેમ્પ યોજાયો

બાબરા, તા.૧૯

ઈસ્માઈલી CIVIC ઈન્ડિયા, આગા ખાન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર, આગા ખાન હેલ્થ બોર્ડ ફોર સધર્ન સૌરાષ્ટ્ર તથા સ્કાઉટ એન્ડ ગાઈડ ગ્રુપ ફોર સધર્ન સૌરાષ્ટ્રના સંયુક્ત ઉપક્રમે બાબરા સ્થિત ખોજા જમાતખાને ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં યુવાનો, મહિલાઓ અને સમાજના જાગૃત નાગરિકોએ ઉત્સાહપૂર્વક



તસવીર : દિપક કનૈયા

ભાગ લઈ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાન મળે તેવા સેવાભાવ સાથે દાતાઓએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વયંસેવકો અને વિવિધ સંસ્થાઓના કાર્યકરોએ પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આયોજકોએ તમામ રક્તદાતાઓ, સહયોગીઓ અને સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો, યુવાનો, માતાઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પે 'રક્તદાન એ મહાદાન'નો સંદેશ પ્રસરાવી સમાજમાં માનવસેવા અને સામાજિક જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી.

## સા.કુંડલામાં સામાન્ય વરસાદથી મેઈન બજારમાં પાણી ભરાતાં લોકો પરેશાન

સાવરકુંડલા,તા.૧૯

રવિવારની જાહેર રજાના દિવસે સાવરકુંડલામાં વાતાવરણમાં અચાનક પલટો આવતા મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. અસહ્ય ઉકળાટ બાદ વરસેલા વરસાદથી શહેરના અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને રસ્તા પર નીકળેલા રાહદારીઓ વરસાદમાં ભીંજાઈ ગયા હતા. વરસાદ બાદ પણ આકાશમાં કાળા વાદળો



છવાયેલા રહેતાં અને ભેજનું પ્રમાણ વધુ હોવાથી આગામી સમયમાં વધુ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શહેરની મેઈન બજારમાં સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાવાની સમસ્યા યથાવત જોવા મળી હતી. ઢોળાવવાળા માર્ગને કારણે ઉપરવાસનું પાણી ઝડપથી નીચાણવાળા વિસ્તારોમાં પહોંચતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઝડપથી પસાર થતાં વાહનોના કારણે ગંદા પાણીના છાંટા રાહદારીઓ પર ઉડતાં અનેક લોકો ભીંજાયા હતા. સ્થાનિકોએ વરસાદી પાણીના કાયમી નિકાલ માટે અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા ઉભી કરવાની માંગ ઉઠાવી છે.









**મંત્રી કૌશિક વેકરીયા સહિત આગેવાનો બાળપણની રમતોમાં જોડાયા**

# અમરેલી સમર્થ વ્યાયામ મંદિર ખાતે વારસાની રમતોના આનંદોત્સવ યોજાયો

અમરેલી, તા.૧૯

અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર ખાતે કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'વારસાની રમતો' આનંદોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ પરંપરાગત ભારતીય રમતોનું જતન કરવો અને નવી પેઢીને પોતાના સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનો હતો.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પી. પી. સોજીત્રાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કૌશિક વેકરીયા, બેચરભાઈ ભાદાણી, પી.પી. સોજીત્રા અને અતુલ કાનાણીએ પણ સંગીત ખુરશી, લખોટી અને અન્ય પરંપરાગત રમતોમાં ભાગ લઈ બાળપણની યાદો તાજી કરી હતી.





આનંદોત્સવમાં ભમરડો, રસ્સાખેંચ, સંગીત ખુરશી, ત્રિપગી દોડ, કોથળા દોડ, લીંબુ-ચમચી, રસી સાઈકલિંગ, દોરડા કૂદ, નાગ ગોળ અને મીની ઠેકમણી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત મહિલા મંડળો, યુવા મંડળો અને વિવિધ સંસ્થાઓએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે પરંપરાગત રમતો માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ બાળકો અને યુવાનોમાં શારીરિક સ્ફૂર્તિ, ટીમભાવના, નેતૃત્વ અને સંકલનની ભાવના વિકસાવે છે. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ માટે જરૂરી રમતગમતની સામગ્રી, ચા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતે વિવિધ શાળાઓ, સંસ્થાઓ અને મહિલા મંડળોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# અમરેલીમાં પોસ્ટલ કર્મચારીઓ ૨૦થી ૨૭ જુલાઈ સુધી કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે

અમરેલી, તા.૧૯

ભારતીય ડાક કર્મચારી મહાસંઘ (BPEF), ગુજરાત સર્કલના આહ્વાન હેઠળ અમરેલી જિલ્લાના તમામ પોસ્ટલ કર્મચારીઓ વર્ષોથી પડતર રહેલી માંગણીઓના નિરાકરણ માટે ૨૦થી ૨૭ જુલાઈ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી શાંતિપૂર્ણ વિરોધ નોંધાવશે. આંદોલનનો મુખ્ય હેતુ ટાર્ગેટના નામે થઈ રહેલા માનસિક દબાણનો અંત લાવવો, ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી અને કર્મચારી હિતોની સુરક્ષા કરવાનો છે. અમરેલી ડિવિઝનના સર્કલ સેક્રેટરી પરેશકુમાર મહેતાએ જણાવ્યું હતું કે કર્મચારીઓ પર વધતા ટાર્ગેટ આધારિત દબાણને કારણે માનસિક તણાવ વધી રહ્યો છે. અનેક રજૂઆતો છતાં યોગ્ય ઉકેલ ન મળતાં રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ વિરોધ કોઈ વ્યક્તિ કે અધિકારી વિરુધ્ધ નહીં, પરંતુ પોસ્ટલ વિભાગને વધુ મજબૂત અને કર્મચારીમૈત્રી બનાવવા માટે છે. આંદોલનના આગામી તબક્કામાં ૨૮ જુલાઈએ વિભાગીય કચેરીઓ સમક્ષ વિરોધ પ્રદર્શન, ૫ ઓગસ્ટે એક દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાલ અને માંગણીઓનો ઉકેલ નહીં આવે તો ૧૮ ઓગસ્ટથી અનિશ્ચિતકાલીન હડતાલનું આયોજન કરવામાં આવશે.

## અમરેલીના ચિતલ, મોણપુર રોડ પર દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી સાત મહિલા ઝડપાઈ


અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં દેશી દારૂની ૧૦ હાટડી પર પોલીસે કાર્યવાહી કરી હતી. અમરેલીના ચિતલ, મોણપુર રોડ પર દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી સાત મહિલા ઝડપાઈ હતી. આરોપીઓએ પોતાના રહેણાંક ઝુંપડા પાસે કે અન્ય સ્થળે ગેરકાયદેસર દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ ચલાવતા હતા. વિવિધ સ્થળેથી દેશી દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો મળી ૩૧ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# દામનગરમાં સમી સાંજે બે આખલા વચ્ચે રાહદારીઓ પરેશાન

દામનગર,તા.૧૯

દામનગર શહેરમાં રવિવારે સાંજના સવા સાતના સુમારે સરદાર સર્કલ પાસે બે આખલાઓ સામસામે આવી જતાં ભયાનક યુધ્ધ ખેલાયું હતું. અચાનક શરૂ થયેલી આ લડાઈના કારણે આસપાસના લોકો અને રાહદારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ આખલા યુધ્ધે લગભગ પંદર મિનિટ સુધી વિસ્તારનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે થંભાવી દીધો હતો.બંને પશુઓ એકબીજા સાથે હિંસક રીતે લડતા હોવાથી રોડ પરથી પસાર થવું મુશ્કેલ બન્યું હતું. અંતે વાહનચાલકો અને સ્થાનિક રાહદારીઓએ હિંમત દાખવી બંને આખલાઓ પર પાણી છાંટીને તેમને માંડ-માંડ અલગ કર્યા હતા, ત્યારે જઈને મામલો થાળે પડ્યો હતો. શહેરમાં રસ્તે રઝળતા આ પશુઓ અવારનવાર મુશ્કેલી સર્જતા હોવાથી, તંત્ર દ્વારા તેમને તાત્કાલિક પકડીને કોઈ સલામત સ્થળે ખસેડવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.



# છેતરપિંડીના ગુનામાં ૨૭ વર્ષથી ફરાર આરોપી રાજસ્થાનથી પકડાયો

રાજુલા,તા.૧૯

રાજુલા પોલીસ સ્ટેશનમાં ૧૯૯૯માં નોંધાયેલા છેતરપિંડીના ગુન્હામાં ફરાર આરોપીને છેલ્લા ૨૭ વર્ષ પછી રાજસ્થાનથી પકડવામાં પોલીસને સફળતા મળી છે. લીલીયાના પી.આઈ એમ.ડી.સાલુંકે તથા પોલીસ ટીમે રાજુલા કોર્ટના સી.આર.પી.સી. ક.૭૦ મુજબના વોરંટના આધારે આ આરોપીની તપાસ કરીને ટેકનીકલ અને હ્યુમન સોર્સ આધારે જયંતીલાલ શ્રીરામજી પુરોહીત ઉ.વ.૫૭ ને જી.જાલોર (રાજસ્થાન)થી પકડીને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



# પૂર્વ સાંસદ કાછડીયાની પહેલથી સાવરકુંડલાના નાના ભમોદરામાં કુંભારિયા નદીનો પુલ સાફ કરાયો

સાવરકુંડલા,તા.૧૯

પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની ત્વરિત પહેલથી સાવરકુંડલા તાલુકાના નાના ભમોદરા ગામે કુંભારિયા નદીના પુલના ગાળામાંથી કચરો અને ઓવાળ દૂર કરવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. તાજેતરમાં થયેલા અતિભારે વરસાદને કારણે કુંભારિયા નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આ પૂર દરમિયાન નદીના પુલના ગાળામાં મોટા પ્રમાણમાં કચરો અને ઓવાળ ભરાઈ જતાં પાણીનો કુદરતી પ્રવાહ સંપૂર્ણપણે અવરોધાયો હતો. પરિણામે, પૂરના પાણી આસપાસના ખેતરોમાં ફરી વળ્યાં હતાં અને અનેક ખેડૂતોની કિંમતી જમીનોનું મોટા પાયે ધોવાણ થયું હતું. ખેડૂતોની આ ગંભીર મુશ્કેલી અને રજૂઆતોને ધ્યાને રાખી પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ તાત્કાલિક પ્રભાવિત સ્થળની મુલાકાત લીધી હતી.તેમણે માર્ગ અને મકાન વિભાગના નાયબ ઈજનેર પડશાલા, અતુલભાઈ રાદડિયા તેમજ ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં જેસીબી મશીન વડે પુલની સફાઈ કામગીરી શરૂ કરાવી હતી. પુલ સાફ થતાં હવે આગામી સમયમાં ખેતરો ધોવાવાની ભીતિ ટળી છે.



## જાબાળ ગામની મહિલાનું ડેમમાં ડૂબી જવાથી મોત


સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના જાબાળ ગામની મહિલાનું ડેમમાં ડૂબી જવાથી મોત થયું હતું. બનાવ અંગે સુખાભાઈ પુનાભાઈ જોગરાણા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, રામુબેન ગાંગાભાઈ જોગરાણા (ઉ.વ.૫૪) થોરાળીના રસ્તેથી જતા ડેમ કાંઠે પગ લપસી જતા ડેમમાં ડૂબી જતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન વી શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ખડખડ ગામે સંત વેલનાથબાપુ મંદિરે અષાઢી બીજ ઉત્સવ ઉજવાયો

અમરેલી,તા.૧૯

અમરેલીના વડિયા નજીકના ખડખડ ગામે અષાઢી બીજના પાવન અવસરે સમસ્ત ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના ધર્મગુરુ સિધ્ધ સંત વેલનાથબાપુની જન્મજયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી સાધુ-સંતો, સામાજિક અગ્રણીઓ અને હજારો ભાવિકો દર્શન, સત્સંગ તથા આશીર્વાદનો લાભ લેવા ઉમટ્યા હતા. ગાદીપતિ સંત સાંઈનાથ બાપુએ તમામનું સ્વાગત કર્યું હતું.ગુજરાત સરકારના સંગીત-નાટક અકાદમી અને સાંસ્કૃતિક વિભાગના આર્થિક સહયોગથી અહીં બે દિવસીય ભવ્ય લોકડાન્સ અને સંતવાણી/લોક ડાયરાનું આયોજન કરાયું હતું. જેમાં ભાવનાથ બાપુ અને જયદિપભાઈ સોની સહિતના નામાંકિત કલાકારોએ ગીરેનારી સંતના જીવનચરિત્ર પર આધારિત ભજનોની પ્રસ્તુતિ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ભોજન, ભજન અને દર્શનના ત્રિવેણી સંગમ સમાન આ મહોત્સવની પૂર્ણાહુતિ મહંત ભાવનાથ બાપુ દ્વારા કરવામાં આવી હતી.




**નામ બદલાવેલ છે**

આથી હુ નીચે સહી કરનાર રાજુભાઈ વસનજીભાઈ મેરાણી જાહેર કરૂ છું કે મેં મારૂ નામ મેરાણી રાજેશભાઈ વસનજીભાઈ બદલાવીને રાજુભાઈ વસનજીભાઈ મેરાણી રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ રાજુભાઈ વસનજીભાઈ મેરાણી તરીકે ઓળખાઈશ.
સહી :- રાજુભાઈ વસનજીભાઈ મેરાણી
સરનામું :- બ્રાહમણ શેરી, મું. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.
પીન નં. ૩૬૫૫૪૦.


## લાઠીના ધ્રુફણીયા ગામે ફિનાઈલ પીનારા પ્રૌઢનું મોત

લાઠી, તા.૧૯

લાઠીના ધ્રુફણીયા ગામે બીમારીથી કંટાળી ફિનાઈલ પીનારા પ્રૌઢનું સારવારમાં મોત થયું હતું. હિંમતભાઈ મગનભાઈ બારડ (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, મગનભાઈ રવજીભાઈ બારડ (ઉ.વ.૮૮)ને છેલ્લા આઠેક મહિનાથી હદયરોગની તથા કિડનીની બિમારી હતી. જેનાથી કંટાળી જઈ ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડાયા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું.


**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**

Dream Family spa — ડ્રીમ ફેમેલી સ્પા — Ladies & Gents



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનિટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601





અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૭૭/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી શિયાળ ધીરૂભાઈ લક્ષ્મણભાઈ
સરનામું :- મુ.ચાંચ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી શિયાળ ધીરૂભાઈ લક્ષ્મણભાઈ એ તેમની પુત્રી શ્રી ભાવનાબેન ધીરૂભાઈ શિયાળનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૩ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર. એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૪૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ધારાબેન મનુભાઈ બારૈયા
સરનામું :- મુ.તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી-નગરપાલિકા - રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી ધારાબેન મનુભાઈ બારૈયા એ તેમના સસરા નામે સામતભાઈ અરજણભાઈ બારૈયાનું મરણ તા.૧૧/૦૧/૨૦૦૬ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# અમરેલી પોલીસની મોટી સફળતા: પોક્સો, સાયબર ફ્રોડ અને ૧૦ વર્ષથી ફરાર ૩ ગુનેગારો ઝડપાયા

**ત્રણેય આરોપીઓ સામે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી**





અમરેલી,તા.૧૯

અમરેલી પોલીસે અલગ-અલગ ટીમો બનાવી કાયદાના સકંજામાંથી ભાગતા ફરતા ત્રણ રીઢા આરોપીઓને ઝડપી લીધા છે.

અમરેલી રૂરલ પોલીસે સુરતના અમરોલી આવાસ ખાતેથી મહેશ ઉર્ફે મયલો પ્રેમજીભાઈ જાદવને પકડી પાડ્યો છે. આ આરોપી પોક્સો કોર્ટના વર્ષ ૨૦૧૯ના કેસમાં છેલ્લા ૬ વર્ષથી નાસતો-ફરતો હતો.

બીજામાં, એલ.સી.બી. ટીમે રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાંથી જસમતભાઈ ધીરૂભાઈ સોલંકીને દબોચી લીધો છે, જે ધારી કોર્ટના ત્રણ અલગ-અલગ ક્રિમિનલ કેસોમાં છેલ્લા ૧૦ વર્ષથી ફરાર હતો.ત્રીજી કાર્યવાહીમાં, એલ.સી.બી.એ નાગેશ્રી પોલીસ સ્ટેશનના સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલા લાલશાહીના લિસ્ટેડ ગુનેગાર જતીનભાઈ નરશીભાઈ માવાણીને ઝડપી લીધો છે. આ આરોપી ભારતીય ન્યાય સંહિતા (BNS) અને આઈ. ટી. એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં એક વર્ષથી ફરાર હતો. પકડાયેલા ત્રણેય આરોપીઓ સામે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નાના લીલીયા ગામે ખુલ્લા કૂવામાં બે ભેંસો ખાબકી

લીલીયા,તા.૧૯



લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે, જ્યાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લો પડેલો શૌચાલયનો કૂવો બે નિર્દોષ ભેંસો માટે જીવલેણ સાબિત થયો હતો. સદનસીબે, સ્થાનિક લોકોની સતર્કતા અને ક્રેઈનની મદદથી ભારે જહેમત બાદ બંને સાંકડા કૂવામાં ફસાયેલી ભેંસોને સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી.આ ઘટનાને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં અને કલાકોની મહેનત બાદ રેસ્ક્યૂ ઓપરેશન સફળ રહ્યું હતું. ગામના પશુઓ ચરવા માટે આ વિસ્તારમાં આવતા હોવાથી અકસ્માતનો ભય સતત રહે છે. જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તે માટે નાના લીલીયા તાલુકા પંચાયતના સદસ્ય રણજીતભાઈ ખુમાણે પાણી પુરવઠા વિભાગને લેખિત પત્ર પાઠવી આ કૂવાને વહેલી તકે ઢાંકવાની તીવ્ર માંગ કરી છે.

# રાજસ્થળી ગામના પાટીયા પાસે અકસ્માતમાં પિતા-પુત્ર ઘાયલ

ધારી, તા. ૧૯

ધારીના રાજસ્થળી ગામના પાટીયા પાસે અકસ્માતમાં બાપ-દીકરો ઘાયલ થયા હતા. પુત્રને માથામાં ઈજા થતાં હેમરેજ થયું હતું. બનાવ સંદર્ભે કાજલબેન જીણાભાઈ દાતેવડીયા (ઉ.વ.૩૦) એ ગીરગઢડા તાલુકાના ટીંબરવા ગામના ધર્મેશભાઈ રામજીભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિ જીણાબાઈ તથા તેમનો દીકરો દિવ્યેશભાઈ મોટર સાયકલ લઈ રાજસ્થળી ગામેથી દુધાળા ગામે જતા હતા ત્યારે રાજસ્થળી ગામના પાટીયા પાસે પહોંચતા સામેથી આવેલા આરોપીઓ પોતાની મોટર સાયકલ બેફામ હંકારી ટક્કર મારી હતી. જેમાં તેમના પતિને ફ્રેક્ચર થયું હતું અને પુત્રને માથામાં હેમરેજ થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ એચ વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# વાંકિયાના રામદેવજી મંદિરે અષાઢી બીજની ઉજવણી: પેથાણી-કથીરિયા પરિવારે ૧૦૦ વર્ષથી પરંપરા જાળવી

લાઠી, તા.૧૯



અમરેલી જિલ્લાના વાંકિયા ગામ ખાતે આવેલા રામદેવજી મહારાજના મંદિરે અષાઢી બીજના પાવન અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. પેથાણી અને કથીરિયા પરિવાર દ્વારા છેલ્લા ૧૦૦ વર્ષથી વધુ સમયથી આ ધાર્મિક પરંપરાનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવી રહ્યું છે, જે આજે પણ ગામની આસ્થા, એકતા અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતીક છે.આ પાવન દિવસે વહેલી સવારથી જ શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને દિવસભર પૂજન-અર્ચન તથા દર્શનનો લાભ લીધો હતો. બપોરે ફરાળ પ્રસાદ અને સાંજે મહાપ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું. રાત્રિના સમયે રામમંડળ દ્વારા પ્રેરણાદાયી ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. હજારો ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને સમગ્ર ગામમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# જિલ્લામાં બે જગ્યાએથી બે મહિલા સહિત છ જુગારી ઝડપાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે જગ્યાએથી બે મહિલા સહિત છ જુગારીને ઝડપી પાડ્યા હતા. જાફરાબાદ ટાઉનમાંથી કિશનભાઈ નારણભાઈ શિયાળ, કમલેશભાઈ નાગજીભાઈ સોલંકી, યશંવતભાઈ નારણભાઈ શિયાળ જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૨૧૬૦ના મુદામાલ સાથે ઝડપાયા હતા. બાબરામાં ખાખરીયા ચોરા પાસેથી હનીફભાઈ અલારખભાઈ મેતર તથા બે મહિલા તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૧,૧૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. બંને સ્થળેથી ૧૩,૩૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# તાલુકા કક્ષાના શાળાકીય રમોત્સવમાં થોરડીના ખેલાડીઓનો શાનદાર દેખાવ

**અંડર-૧૪માં ભાઈઓની ટીમ તાલુકામાં વિજેતા બની**

સાવરકુંડલા, તા. ૧૯



સાવરકુંડલા તાલુકા કક્ષાના શાળાકીય રમોત્સવમાં થોરડીની લોકવિદ્યા મંદિરના વિદ્યાર્થીઓએ રમતગમત ક્ષેત્રે શાનદાર દેખાવ કર્યો છે. કબડ્ડી સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં અંડર-૧૪માં ભાઈઓની ટીમ તાલુકામાં વિજેતા બની હતી. અંડર-૧૬માં બહેનોની ટીમ બહેનોની ટીમે દબદબો જાળવી રાખતા હરીફ ટીમો સામે બિનહરીફ વિજેતા જાહેર થઈ હતી.

## અમરેલીમાં મોટર સાયકલ લેવાનું કહેતા માથાકૂટ થઈ

અમરેલી, તા.૧૯

અમરેલીમાં મોટર સાયકલ લેવાનું કહેતા માથાકૂટ થઈ હતી. આ અંગે ગુણાભાઈ બઘાભાઈ રાણાવડીયા (ઉ.વ.૩૫) એ કમલેશભાઈ ચંદુભાઈ, ચંદુભાઈ તથા અજાણ્યો ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની મોટર સાયકલ આગળ કમલેશભાઈએ મોટર સાયકલ આડી રાખી દેતા તેમણે લેવાનું કહ્યું હતું. જેથી આરોપીઓને સારું નહીં લાગતાં તેમને મુંઢ માર માર્યો હતો.

## અમરેલીમાં ઘર આગળ પાર્ક કરેલી બાઈકની ચોરી

અમરેલી, તા.૧૯

અમરેલીમાં ઘર આગળ પાર્ક કરેલી બાઈકની ચોરી થઈ હતી. બનાવ સંદર્ભે ધનસુખભાઈ ધનાભાઈ ધાધલ (ઉ.વ.૩૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેનું સ્પ્લેન્ડર પ્લસ ઘર પાસ પાર્ક કર્યું હતું. રૂ. ૭૦ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખસ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ બી સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં વંડાની હાઈસ્કૂલની ટીમ ઝળકી

સાવરકુંડલા, તા. ૧૯



SGFI-70 અંતર્ગત સાવરકુંડલા તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલની અંડર-૧૭ ભાઈઓની ટીમે ભાગ લીધો હતો. આટીમે સાવરકુંડલા તાલુકા કક્ષાએ શાનદાર વિજય હાંસલ કર્યો છે. ખેલાડીઓની આ સિધ્ધિને બિરદાવતા શાળાના આચાર્ય સંજયભાઈ ચૌહાણે તમામ ખેલાડી ભાઈઓને મુબારકબાદી પાઠવી હતી. સતત પ્રોત્સાહન પૂરું પાડવા બદલ શાળાના પી.ટી. શિક્ષકની કામગીરીને બિરદાવી હતી. હવે આ ટીમ જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૨૦-૦૭-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૯,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

**તા. ૨૦-૦૭-૨૦૨૬ સોમવાર**

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# સાંસદના નિરીક્ષણ બાદ જીરા રોડ રેલવે પ્લેટફોર્મનું કામ ફરી શરૂ, ગુણવત્તા અંગે સ્થાનિકોમાં સવાલ

સાવરકુંડલા, તા.૧૯



સાવરકુંડલા તાલુકાના જીરા રોડનું રેલવે પ્લેટફોર્મ પર નબળી કામગીરીના મુદ્દે તાજેતરમાં સાંસદ ભરત સુતરીયાએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. નબળી કામગીરી દેખાતા રેલવેના ઊંચ અધિકારી સાથે ટેલિફોનિક વાત કરીને નવું જ કામ કરવાની સૂચનાઓ આપી હતી. આથી આજ સવારથી રેલ્વે પ્લેટફોર્મની કામગીરી શરૂ કરવામાં આવી છે. નવીનીકરણ નહીં પરંતુ આ પ્લેટફોર્મ ઉપર બે થી ત્રણ ઈંચ જેટલું પીસીસી કરી અને ક્યાંક ને ક્યાંક નબળી કામગીરી ઢાંકવાનો કોન્ટ્રાક્ટર અને રેલ્વે અધિકારીઓ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે સ્થાનિકોને પૂછતા તેમણે જણાવ્યું કે આ કામ લાંબો સમય ટકશે નહીં અને નીચે નબળું કામ હોવાથી એ ફરી તૂટી જશે. રિયાલિટી ચેકમાં આ દ્રશ્યો પણ સામે આવ્યા ત્યારે જોવાનું એ રહેશે કે કામની મજબૂતી કેટલી કરવામાં આવશે.

# ટીંબી ગામે ઉદય પેટ્રોલ પંપ સામે રોડ ઉપર ચાલીને મજૂરી કામે જતા પુરુષને બાઈક ચાલકે ઉલાળ્યો

**ટક્કર મારતા રોડ પર પડી ગયા હતા. માથાના ભાગે ગંભીર ઈજા**

જાફરાબાદ. તા.૧૯

જાફરાબાદના ટીંબી ગામે ઉદય પેટ્રોલ પંપ સામે રોડ ઉપર ચાલીને મજૂરી કામે જતા પુરુષને બાઈક ચાલકે ઉલાળતાં ઈજા થઈ હતી. બનાવ સંદર્ભે મુકેશભાઈ સાદુળભાઈ બાંભણીયા (ઉ.વ.૩૭) એ GJ 14 AN 2156 ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા સાદુળભાઈ ભાણાભાઈ બાંભણીયા (ઉ.વ.૬૬) ટીંબી ગામે ઉદય પેટ્રોલ પંપ સામે રોડ ઉપર ચાલીને મજુરી કામે જતા હતા ત્યારે આવેલા મોટર સાયકલ ચાલકે તેમના પિતાને ટક્કર મારતા રોડ પર પડી ગયા હતા. માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી એન પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# વૃધ્ધ પેન્શન યોજનામાં APL અને BPL બંને વર્ગના પાત્ર વૃધ્ધોને સમાન લાભ આપવા યુથ કોંગ્રેસની CMને રજૂઆત

**ગ્રામ્ય વિસ્તારોમાં લોકસંપર્ક દરમિયાન સામે આવેલી સમસ્યાઓ**

અમરેલી,તા.૧૯

અમરેલી વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ જુનેદ ડી. ડોડિયા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને વૃધ્ધ પેન્શન યોજના અંગે એક મહત્વની રજૂઆત કરવામાં આવી છે. અમરેલી અને વડિયાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકસંપર્ક દરમિયાન સામે આવેલી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ૬૦ વર્ષથી વધુ ઉંમરના અનેક જરૂરિયાતમંદ વડીલો માત્ર એ.પી.એલ. (APL) કાર્ડ અથવા જૂના સ્કોરના કારણે આ યોજનાના લાભથી વંચિત રહી જાય છે.આ બાબતે મુખ્યમંત્રી સમક્ષ મુખ્ય ચાર માંગણીઓ રજૂ કરવામાં આવી છે. એ.પી.એલ. અને બી.પી.એલ. ના વર્ગીકરણને બદલે વૃધ્ધની વાસ્તવિક આર્થિક સ્થિતિને જ પાત્રતાનો આધાર બનાવવામાં આવે, વર્ષો જૂના સ્કોર પધ્ધતિની સમીક્ષા થાય, કોઈપણ પાત્ર વૃધ્ધ માત્ર કાર્ડના પ્રકારને લીધે વંચિત ન રહે અને સમગ્ર યોજનાને વધુ સરળ, પારદર્શક તથા સર્વસમાવેશક બનાવવામાં આવે.

# અમરેલીમાં વિકલાંગ યુવતીઓ માટે બિનવિકલાંગ જીવનસાથી પરિચય સમારંભ ૨૬ જુલાઈએ યોજાશે

અમરેલી,તા.૧૯

સુમન સેવા ટ્રસ્ટ, અમરેલી દ્વારા વિકલાંગ યુવતીઓ માટે બિનવિકલાંગ જીવનસાથી પરિચય સમારંભનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભ તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાળહનુમાન મંદિર, કેરીયા રોડ, સાવરકુંડલા બાયપાસ, કૈલાસ મુક્તિધામ સામે, અમરેલી ખાતે બપોરે ૨:૦૦ કલાકે યોજાશે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ માટે ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. સમારંભમાં ભાગ લેવા ઈચ્છુક યુવતીઓ તા. ૨૬ જુલાઈના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી સ્થળ પર જ નોંધણી ફોર્મ ભરી શકશે. આ આયોજનનો મુખ્ય હેતુ વિકલાંગ યુવતીઓને યોગ્ય જીવનસાથી મળવામાં સહાયરૂપ બનવાનો છે.

વધુ માહિતી તેમજ ફોર્મ અંગે સંપર્ક માટે ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ, 'શ્રીરામ એસ્ટેટ', જુના માર્કેટિંગ યાર્ડ અંદર, 'હરીરામ' હોલસેલ માર્કેટ, દુકાન નં. B/F-૧૩, પ્રથમ માળ, અમરેલી ખાતે અથવા મોબાઈલ નંબર ૯૩૭૪૭ ૩૪૮૨૦ પર સંપર્ક કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## તંત્રી લેખ

# મહારાષ્ટ્રનું રાજકારણ - સ્થિરતા વચ્ચે અસ્થિરતાની છાયા

મહારાષ્ટ્રનું રાજકારણ આજે એક અજબ વળાંક પર ઊભું છે. ઉપરથી જોતાં બધું સ્થિર લાગે છે, પરંતુ અંદરથી તેમાં સતત હલચલ ચાલી રહી છે. નવેમ્બર ૨૦૨૪ માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતિએ ઐતિહાસિક જીત મેળવી હતી. ૨૮૮ બેઠકોમાંથી મહાયુતિએ ૨૩૫ બેઠકો જીતીને મહાવિકાસ આઘાડીને લગભગ સાફ કરી નાખી હતી. આ જીત બાદ દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા અને એકનાથ શિંદે અને અજિત પવાર બંને નાયબ મુખ્યમંત્રી બન્યા. આજે, જુલાઈ ૨૦૨૬ માં, આ જ સરકાર સત્તા પર છે.

છેલ્લા કેટલાક મહિનાની પરિસ્થિતિ જોઈએ તો, રાજ્યનું ધ્યાન હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર છે. ખાસ કરીને મુંબઈ મહાનગરપાલિકા (BMC) ની ચૂંટણી એ સત્તાનો સાચો સેમિ-ફાઈનલ ગણાય છે. ૨૦૨૬ ની શરૂઆતમાં અમરનાથ અને કલ્યાણમાં જે બન્યું તે આગળની રાજનીતિનો સંકેત આપે છે. અમરનાથમાં કોંગ્રેસના સસ્પેન્ડ થયેલા ૧૨ નગરસેવકો ભાજપમાં જોડાઈ ગયા અને ભાજપને બહુમતી મળી ગઈ. આ પ્રકારનું પક્ષાંતર હવે મહારાષ્ટ્રમાં સામાન્ય બની ગયું છે.

બીજો મોટો વર્તમાન મુદ્દો છે ભાષાનો વિવાદ. રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિ હેઠળ ત્રણ ભાષાનું ફોર્મ્યુલા લાગુ કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે વિપક્ષે હિન્દી થોપવામાં આવી રહી છે તેવો આરોપ લગાવ્યો છે. આ મુદ્દાએ બે દાયકા પછી ઠાકરે બંધુઓને એક મંચ પર લાવી દીધા. ૬ જુલાઈના રોજ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ મરાઠી ભાષાના રક્ષણ માટે સંયુક્ત રેલી કાઢી, જેની ચર્ચા આખા રાજ્યમાં થઈ રહી છે.

ટૂંકા ગાળામાં, એટલે કે ૨૦૨૬-૨૭ ની BMC અને અન્ય મહાનગરપાલિકાની ચૂંટણીઓ સુધી મહાયુતિ અકબંધ રહેશે. ભાજપને આ ચૂંટણીઓ પોતાના દમ પર લડવી છે અને તે માટે તેને શિંદે અને અજિત પવાર બંનેની જરૂર છે. પરંતુ આ એકતા તકવાદી એકતા છે, વૈચારિક નહીં.

લાંબા ગાળે મહારાષ્ટ્રનું રાજકારણ ત્રણ દિશામાં જઈ શકે છે. પહેલું, જો ફડણવીસ બંને પવાર જૂથોને એક કરવામાં સફળ થાય તો એનસીપી ફરીથી મજબૂત બનશે અને શિંદે જૂથ નબળું પડશે. બીજું, જો ઠાકરે બંધુઓનું જોડાણ બીએમસી ચૂંટણી પછી પણ ટકી રહે તો મુંબઈ-ઠાણે-નાસિક પટ્ટામાં MNS + UBT નું નવું સમીકરણ ભાજપ માટે મોટો પડકાર બનશે. ત્રીજું, કોંગ્રેસ ધીમે ધીમે હાંસિયામાં ધકેલાઈ રહી છે, તેની જગ્યા પ્રાદેશિક પક્ષો લઈ રહ્યા છે.

ટૂંકમાં, મહારાષ્ટ્રનું રાજકારણ હવે વિચારધારાનું ઓછું અને સત્તા અને અસ્તિત્વનું વધારે બની ગયું છે. જનતા સ્થિરતા ઈચ્છે છે, પણ નેતાઓ પોતાની ખુરશી બચાવવામાં વ્યસ્ત છે. આગામી BMC ચૂંટણી નક્કી કરશે કે મહારાષ્ટ્ર આ અસ્થિરતામાંથી બહાર નીકળીને સ્થિર વિકાસ તરફ જશે કે પછી આયારામ-ગયારામની રાજનીતિમાં જ અટવાયેલું રહેશે.

# “રામ-નામના પ્રભાવથી એક સામાન્ય વ્યક્તિ સમગ્ર માનવજાતનો માર્ગદર્શક બન્યો એ તેનું જીવંત ઉદાહરણ તેમનું જીવન છે” : સુદર્શનજી - (પુષ્પ : ૩૦)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘચાલક સુદર્શનજીએ વર્ષ - ૨૦૦૩ માં વિજયાદશમીના ઉત્સવના બૌધ્ધિકમાં કહ્યું હતું કે, ભગવાન રામના જીવનમાં તે બધા જીવન આદર્શો અને મૂલ્યો તેજસ્વી રીતે પ્રગટ થયા છે જે ભારતીય સમાજ, ધર્મ અને સભ્યતાનો આધાર છે અને આ આદર્શ રામચરિતને સૌપ્રથમ કવિ મહર્ષિ વાલ્મિકીએ અમર કવિતા ‘રામાયણ’ લખીને અમર બનાવ્યું. રામ-નામના પ્રભાવથી એક સામાન્ય વ્યક્તિ સમગ્ર માનવજાતનો માર્ગદર્શક બન્યો તેનું જીવંત ઉદાહરણ તેમનું જીવન છે. પરંતુ એ વાતને વિડંબના કહેવી પડશે કે આપણો વાલ્મિકી સમુદાય જે તેમના મૂળનો દાવો કરે છે તેને આજે અસ્પૃશ્ય વર્ગની શ્રેણીમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ કેવી રીતે બન્યું ? જ્યારે મોહે-જો-દડો, લોથલ, કાલીબંગન, ધોળાવીરા વગેરે જેવી પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળે છે ત્યારે હોલ, બાથરૂમ, રમતનું મેદાન અને અન્ય અવશેષ મળે છે પરંતુ શૌચાલયના કોઈ અવશેષો મળતા નથી. એ સ્પષ્ટ છે કે તે સમયમાં લોકો દિશા-મેદાન જતા હતા. મુસ્લિમ શાસન દરમિયાન ઘરોમાં શૌચાલયની પ્રથા શરૂ થઈ હતી. જેમાં સ્ત્રીઓ પડદામાં રહેતી હતી. હકીકતમાં આજના વાલ્મિકી સમાજના લોકો બહાદુર યોધ્ધા વર્ગના હતા. ઈસ્લામિક આક્રમણકારો દ્વારા પરાજિત યોધ્ધાઓને ઈસ્લામ સ્વીકારવાનો અથવા મુઘલ હરમની ગંદકી સાફ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. પછી, જ્યાં કહેવાતા ઉચ્ચ જાતિના ઘણા લોકોએ ઈસ્લામ અંગીકાર કર્યો ત્યાં આ યોધ્ધાઓની ધાર્મિક ભક્તિ એટલી પ્રબળ હતી કે તેમણે ગંદકી શુધ્ધિકરણનું કાર્ય સ્વીકાર્યુ પણ પોતાનો ધર્મ છોડયો નહીં. જ્યાં તેમને સમાજમાં ખૂબ જ આદરનું સ્થાન મળવું જોઈતું હતું ત્યાં હિન્દુ સમાજે તેમને સૌથી ખરાબ સ્થાને મૂકી દીધા છે. જો આપણે આને આપણા સમાજનું દુર્ભાગ્ય ન કહીએ તો તેને શું કહીએ? વાલ્મિકી સમાજમાં ચૌહાણ, રાજપૂત, ગેહલોત, કછવાહા, ચંદેલ, પરમાર કહેવાતા ઉચ્ચ જાતિના કુળો પણ જોવા મળે છે. આજે અસ્પૃશ્યતાના આ દુષણને નાબૂદ કરવા માટે સફાઈઉદ્યોગનું યાંત્રિકીકરણ કરવાની અને સફાઈ કામદારોને ટેકનિશિયનનો દરજ્જો આપવાની જરૂર છે. જેથી તેમનો સામાજિક દરજ્જો વધારી શકાય.

શરૂઆતથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમગ્ર હિન્દુ સમાજને જાતિ, સંપ્રદાય, ભાષા વગેરેના તમામ ભેદભાવોથી ઉપર ઉઠાવવા અને તેને એક સમાન અને સંગઠિત સમાજ તરીકે સ્થાપિત કરવા માટે પ્રયત્નશીલ રહ્યું છે. સંઘ માને છે કે, સાંકળની તાકાત તેની સૌથી નબળી કડી જેટલી હોય છે. તેવી જ રીતે સમાજની તાકાત તેના સૌથી નબળા ઘટક જેટલી જ હોય છે. કારણ કે જો સમાજ તૂટશે તો તે ત્યાંથી જ તુટશે. આવા જ પ્રયાસો એવા ધર્મો દ્વારા પણ કરવામાં આવી રહ્યા છે જે અલગ અલગ માન્યતાઓમાં માને છે અને હજુ સુધી આ દેશના સાંસ્કૃતિક પ્રવાહનો ભાગ બન્યા નથી. કમનસીબે ઘણા રાજકીય પક્ષો પોતાની વોટ-બેંકને ધ્યાનમાં રાખીને આ અલગતાને પ્રોત્સાહન આપી રહ્યા છે. જ્યારે આ મતભેદ દેશની એકતા અને અખંડિતતા માટે જોખમને અવગણી રહ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં પણ હિન્દુઓ લઘુમતીમાં આવ્યા, તે ભાગ કાં તો ભારતથી સંપૂર્ણપણે કપાઈ ગયો અથવા કાયમી માથાનો દુખાવો બની ગયો. આજે કાશ્મીર અને ઉત્તર પૂર્વીય ક્ષેત્ર તેનું જીવંત ઉદાહરણ છે. આવા સમયે, હિંદુ સમાજને તોડવાના તમામ પ્રયાસોથી સાવધાન રહેવાની જરૂર છે.રાષ્ટ્રીય સમાજમાં દુશ્મનાવટ પેદા કરવા માટે અંગ્રેજો દ્વારા રજૂ કરાયેલા ઘણા ખ્યાલોમાંનો એક લઘુમતી અને બહુમતીની વિભાવના છે. આપણા દેશના નેતાઓએ પણ ઊંડાણમાં ગયા વિના તેમને જેમ છે તેમ સ્વીકારી લીધા અને લઘુમતી અધિકારોના રૂપમાં એક નવા સંઘર્ષના બીજ વાવ્યા. ચાલો આપણે થોડું વધુ મૂળભૂત રીતે વિચારીએ કે ખરેખર લઘુમતી કોને કહેવા જોઈએ ? લઘુમતી વાસ્તવમાં તે છે જે બીજા દેશમાંથી આવે છે અને આ દેશમાં સ્થાયી થાય છે. આ દ્રષ્ટિકોણથી ફક્ત યહૂદીઓ અને પારસીઓ જ લઘુમતીઓની શ્રેણીમાં આવે છે. હવે તેઓએ પણ પોતાને લઘુમતી ન માનીને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં પોતાને સમાવી લીધા છે. પરંતુ ભારતના ઘણા બધા મુસ્લિમો અને થોડા ખ્રિસ્તીઓ ભારતની બહારથી આવ્યા ન હતા. તેઓ આ જ ધરતી પરથી છે. તેમણે થોડી પેઢીઓ પહેલા પોતાનો ધર્મ બદલ્યો હતો પણ ધર્મ બદલા પછી તેઓ લઘુમતી કેવી રીતે બની ગયા ? આ દેશમાં પૂજાની સ્વતંત્રતા પહેલાથી જ અસ્તિત્વમાં છે. હિન્દુઓની માન્યતા એવી છે કે સત્ય એક જ છે, જેને વિદ્વાનો જુદા જુદા નામોથી બોલાવે છે અને તે સત્ય સુધી પહોંચવાના બધા જ માર્ગો સત્ય છે. તેથી ધર્મ બદલવાથી ન તો માતૃભૂમિ બદલાય છે કે ન તો પૂર્વજો. તેથી આજે જેમને લઘુમતી કહેવામાં આવી રહ્યા છે તેમણે આ વલણ અપનાવવું જોઈએ કે તેઓ લઘુમતી નથી તેઓ રાષ્ટ્રીય સમાજનો ભાગ છે.

ધર્મના આધારે કોઈને લઘુમતી માનવાથી એ પ્રશ્ન ઊભો થાય છે કે બહુમતી કોણ છે ? લોકો હિન્દુ કહેશે. પરંતુ સુપ્રીમ કોર્ટે તેના ત્રણ નિર્ણયોમાં એમ પણ કહ્યું છે કે હિન્દુ એ કોઈ ધર્મનું નામ નથી તે એક જીવનશૈલી છે જેના હેઠળ ઘણા ધર્મો આવે છે. જો ધાર્મિક ધોરણે લઘુમતીનો વિચાર કરવામાં આવે તો ભારતમાં બધા જ સંપ્રદાયોને લઘુમતી કહેવા પડશે જેનો બહુમતી સમાજના અભાવમાં કોઈ અર્થ રહેશે નહીં. તેથી ચાલો આપણે વિશ્વાસ સાથે કહીએ કે આપણે સાથે મળીને એક રાષ્ટ્રીય સમાજ છીએ અને જેની પાસે એક સામાન્ય માતૃભૂમિ સમાન સંસ્કૃતિ અને સમાન પૂર્વજો છે. સંઘના મતે, આને હિન્દુ રાષ્ટ્ર કહેવામાં આવે છે અને આપણા પૂજા, સંપ્રદાય કે ધર્મમાં ભિન્નતા હોવા છતાં એક રાષ્ટ્ર તરીકે આપણે બધા હિન્દુ છીએ. હિન્દુ જીવનશૈલી એ દુનિયાની એક માત્ર જીવનશૈલી છે જે તેના જીવનમાં બધી વિવિધતાઓને સ્થાન આપે છે. કારણ કે તે વિવિધતામાં એકતાના સિધ્ધાંતમાં માને છે. તેથી આ હિન્દુ રાષ્ટ્રમાં કોઈની ઓળખ ખોવાઈ જવાનો ભય નથી. પરંતુ શરત એ છે કે બધા ધર્મોના મહત્વને સ્વીકારીને બધા ધર્મો પ્રત્યે આદરની ભાવના આત્મસાત કરવી પડશે.

આ રીતે સરસંઘચાલક સુદર્શનજીએ વર્ષ - ૨૦૦૩ માં વિજયાદશમીના ઉત્સવના બૌધ્ધિકમાં સમાજના પછાત અને છેવાડાના ગણાતા લોકોએ પણ સ્વધર્મની રક્ષા માટે કરેલા પ્રયત્નોની આપણને ઝાંખી કરાવી હતી. તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે જાતિ-જાતિ વચ્ચેના અંતરાયરૂપ ભેદભાવોનો ત્યાગ કરવાની સોનેરી સલાહ આપી હતી.

**વિચારપૂંજ**
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# આપણી ઇચ્છાઓ કરતાં ઈશ્વરની યોજનાઓ ઘણી ઉત્તમ હોય છે




માણસનું જીવન ઈચ્છાઓનું સરનામું છે. દરેક વ્યક્તિ પોતાના જીવન માટે અનેક સપનાં જુએ છે, યોજનાઓ ઘડે છે અને તેને સાકાર કરવા માટે દિવસ-રાત મહેનત કરે છે. છતાં ઘણી વખત એવું બને છે કે આપણી ધારણા મુજબ પરિણામ મળતું નથી. એ સમયે મનમાં નિરાશા, ફરિયાદ અને પ્રશ્નો જન્મે છે. પરંતુ સમય જતાં સમજાય છે કે આપણી ઈચ્છાઓ કરતાં ઈશ્વરની યોજનાઓ ઘણી ઉત્તમ હોય છે.

“મનુષ્ય વિચારે એક, પરંતુ ઈશ્વર વિચારે અનેક.” આ કહેવત જીવનનું એક શાશ્વત સત્ય રજૂ કરે છે. માણસ પોતાની બુધ્ધિ અને અનુભવોના આધારે જીવન માટે અનેક સપનાં જુએ છે. તે પોતાની ઈચ્છાઓ મુજબ જીવન ગોઠવવા માંગે છે. પરંતુ જીવનમાં ઘણીવાર એવી પરિસ્થિતિઓ ઊભી થાય છે કે જ્યાં આપણી બધી યોજનાઓ નિષ્ફળ જાય છે. તે સમયે મનમાં નિરાશા, હતાશા અને ફરિયાદ જન્મે છે. પરંતુ સમય પસાર થયા પછી સમજાય છે કે જે બન્યું તે ખરેખર આપણા હિતમાં જ હતું.

આપણી દૃષ્ટિ ખૂબ મર્યાદિત છે. આપણે માત્ર વર્તમાન જોઈ શકીએ છીએ, જ્યારે ઈશ્વર ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ત્રણેયને એકસાથે જોઈ શકે છે. જેમ એક બાળકને કડવી દવા પીવી ગમતી નથી, પરંતુ માતા જાણે છે કે તે દવા તેના સ્વાસ્થ્ય માટે જરૂરી છે. તેવી જ રીતે, જીવનમાં મળતા કેટલાક દુ:ખો અને નિષ્ફળતાઓ પણ આપણા ભવિષ્યના સુખનું બીજ બની રહે છે.

મહાભારતનું ઉદાહરણઃ પાંડવોને જીવનભર અનેક કષ્ટો ભોગવવા પડ્યા. જુગારની રમતમાં રાજ્ય ગુમાવ્યું, બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ સહન કર્યો. જો એ સમયે પાંડવો ઈશ્વરની યોજનાને ન સમજી શક્યા હોત, તો કદાચ તેઓ તૂટી પડ્યા હોત. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ પરના અખૂટ વિશ્વાસે તેમને ટકાવી રાખ્યા. અંતે સત્યનો વિજય થયો અને ધર્મની સ્થાપના થઈ. જો શરૂઆતમાં જ તેમની દરેક ઈચ્છા પૂર્ણ થઈ ગઈ હોત, તો કદાચ મહાભારતમાંથી વિશ્વને ધર્મ અને કર્મનો અમૂલ્ય સંદેશ ન મળ્યો હોત.



**મનન ચિંતન**
ભરત બાવીશી

શ્રી રામના જીવનમાંથી બોધઃ ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક થવાનો હતો. સમગ્ર અયોધ્યા આનંદમાં હતી. પરંતુ એક જ ક્ષણમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ અને તેમને ચૌદ વર્ષનો વનવાસ મળ્યો. જો માત્ર માનવીય દૃષ્ટિએ જોઈએ તો આ ઘટના અન્યાયપૂર્ણ લાગશે. પરંતુ ઈશ્વરની યોજનામાં રાવણનો સંહાર, ઋષિઓનું રક્ષણ અને ધર્મની સ્થાપના છુપાયેલી હતી. વનવાસ વિના “રામાયણ”નો મહાન આદર્શનો ઉદય થયો ન હોત.

એક પ્રેરક ઘટનાઃ એક યુવાને ખૂબ મહેનત કરીને સરકારી નોકરીની પરીક્ષા આપી. તેને સંપૂર્ણ વિશ્વાસ હતો કે તેની પસંદગી થશે. પરંતુ

પરિણામમાં તે નિષ્ફળ ગયો. તે ખૂબ દુ:ખી થયો અને ભગવાનને દોષ આપવા લાગ્યો. થોડા મહિનાઓ પછી તેને ખાનગીક્ષેત્રમાં વધુ સારી તક મળી. ત્યાં તેને વધુ સારો પગાર, વિકાસની તકો અને સંતોષકારક જીવન મળ્યું. વર્ષો પછી તેણે સ્વીકાર્યું કે જો તે પ્રથમ પરીક્ષામાં પાસ થઈ ગયો હોત, તો કદાચ જીવનની આ સુંદર તક ક્યારેય મળી ન હોત. બીજી એક ઘટના સમજીએઃ ક્યારેક ક્યાંક લાંબી યાત્રા કે પ્રવાસમાં જવા બુકીંગ કરાવેલ બસ,ટ્રેન કે પ્લેન ચુકી જવાય ત્યારે ઘડીભર મનમાં ખૂબ હતાશા છવાઈ જાય છે અને પોતાની જાતને કમભાગી સમજતો માણસ જ્યારે થોડા સમય પછી ચુકાઈ ગયેલ એજ વાહનના ભયંકર અકસ્માતના સમાચાર સાંભળે છે ત્યારે પોતાની જાતને સદભાગી સમજવા લાગે છે.અને પોતાને થયેલ ટૂંકા ગાળાનું નુકશાન કે મુશ્કેલી લાંબા ગાળાના નુકશાન કે મુશ્કેલીમાંથી બચાવનાર ઈશ્વરની યોજના વિશે સમજી શકે છે. આમ ઈશ્વર પળભરમાં પરિસ્થિતિ અને પરિણામ બદલી શકે છે.

આધ્યાત્મિક દૃષ્ટિકોણઃ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે મનુષ્યનો અધિકાર માત્ર કર્મ કરવા પર છે, ફળ પર નથી. કારણ કે ફળ ક્યારે, કેવી રીતે અને કેટલું આપવું તે ઈશ્વરની યોજના પર આધારિત છે. જ્યારે આપણે સંપૂર્ણ વિશ્વાસથી કર્મ કરીએ છીએ, ત્યારે પરિણામ જેવું પણ આવે તેને સ્વીકારવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આજના યુગમાં લોકો ઝડપથી પરિણામ ઈચ્છે છે. પરંતુ કુદરત આપણને ધીરજ શીખવે છે. બીજ વાવતાં જ વૃક્ષ ઊગી જતું નથી. તેને સમય, પાણી અને સંભાળ જોઈએ. તેવી જ રીતે, જીવનમાં પણ ઘણી સારી વસ્તુઓ યોગ્ય સમયે જ મળે છે.

સંતો કહે છે કે “ઈશ્વર ક્યારેય આપણી પ્રાર્થનાને અવગણતા નથી. તેઓ ત્રણ રીતે જવાબ આપે છે “હા”, “હજુ નહીં”, અથવા “ મેં તમારા માટે આનાથી પણ ઉત્તમ કંઈક રાખ્યું છે.” આ ત્રીજો જવાબ ઘણી વખત આપણે મોડેથી સમજી શકીએછીએ.

ઉપસંહાર : જીવનમાં જ્યારે કોઈ ઈચ્છા અધૂરી રહી જાય, કોઈ સંબંધ તૂટી જાય, કોઈ નોકરી ન મળે કે કોઈ યોજના સફળ ન થાય, ત્યારે નિરાશ થવાને બદલે શ્રધ્ધા રાખવી જોઈએ. કદાચ ઈશ્વર આપણા માટે એવો માર્ગ તૈયાર કરી રહ્યા હોય જે આપણી કલ્પના કરતાં પણ વધુ સુંદર હોય.

આપણી ઈચ્છાઓ ક્ષણિક હોઈ શકે છે, પરંતુ ઈશ્વરની યોજનાઓ શાશ્વત કલ્યાણથી ભરપૂર હોય છે. તેથી કર્મમાં નિષ્ઠા, મનમાં ધીરજ અને હૃદયમાં અડગ શ્રધ્ધા રાખીએ. એક દિવસ સમય પોતે સાબિત કરશે કે જે બન્યું તે આપણા હિત માટે જ બન્યું હતું.

**“ઈશ્વર જ્યારે આપણી એક ઇચ્છા પૂર્ણ નથી કરતા, ત્યારે તેનો અર્થ એ નથી કે તેની આપણા પર કૃપા નથી, ઘણી વખત તેનો અર્થ એ હોય છે કે તેમણે આપણા માટે તેનાથી પણ શ્રેષ્ઠ કંઈક તૈયાર રાખ્યું છે.”**

# મણ પ્રમાણે ઉત્પાદન અને કિલો પ્રમાણે વેચાણ કરતો ખેડુત





ગુજરાત રાજ્યના ગામડાઓ આજે ખાલી થઈ રહ્યા છે. ખેતી દેશનો સૌથી મોટો વ્યવસાય હોવા છતા અનેક પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરતા ગામડાઓ ખાલી થવા પાછળ તંત્રની ઉદાસીનતા અને સામાજીક સમસ્યાઓ જવાબદાર છે. શહેરો જેવી સવલતોની અપેક્ષાએ વલખા મારતી જનતાને ટકાઉ અને સારી સુવિધા આપવાનો અભાવ કાયમી જોવા મળ્યો છે. આમ છતા ગુજરાતના ગામડાઓને ૨૪ કલાક વિજળી, આરોગ્ય માટે ૧૦૮ એમ્બ્યુલન્સ અને સડકથી જોડવાના સરકારશ્રીના અભિયાનથી ફાયદો પણ થયો છે. આજે ચિલા-ચાલુ ખેતીથી ઉપર ઉઠીને આધુનિક ખેતિનો સમય શરૂ થયો છે. વૈજ્ઞાનિક અભિગમ મહત્વનો સાબિત થઈ રહ્યો છે. ખેત ઉત્પાદનની સિઝન એક સાથે હોય છે. એટલે મબલક ઉત્પાદન આવે છે. માંગ કરતા પુરવઠો વધતા ભાવો ઘટવાની ખેડુતો ફરીયાદ કરતા હોય છે. અને એ ખેડૂતોની વાત સાચી પણ છે. વાસ્તવમાં ખેડુતો પોતાના ખેત જણસનું પેકિંગ અને મુલ્યવર્ધન કરતા થાય અથવા સંગ્રહ કરતા થાય તો સારા ભાવો મળી શકે આ માટે અનેક ખેડૂતો આગળ આવીને સરકારશ્રીની યોજનાનો લાભ મેળવીને ગ્રેડીગ-શોટીંગ યુનિટો અને ગોડાઉન બનાવી રહ્યા છે. જે સારી બાબત ગણી શકાય.



**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુગવડ ગામના યુવા ખેડુત ચંદુભાઈ હરજીભાઈ પાનસુરીયા જેની ઉંમર ૪૬ વર્ષ છે અને અભ્યાસ ૮ ધોરણ છે. ભણતર કરતા ગણતર ખુબ મોટુ છે. ૨૦ વિઘા જેટલી જમીન છે.

ચંદુભાઈ પોતાની જમીનમાં સિઝન પ્રમાણે તમામ ચીજ વસ્તુઓ અને ખેત જણસનું વાવેતર કરે ઉત્પાદન મણ મોઢે આવે આ ઉત્પાદન ગામમાં વેપારી આવે તો તેને વેચાણ કરે અથવા નજીકના માર્કેટીંગ યાર્ડમાં વેચાણ કરવા માટે લઈ જાય આમ છતા આર્થિક લાભ થયાનો સંતોષ આ ખેડુતને કયારેય ન થાય. વિચારે કે યાર્ડમાં ટ્રેકટર ભરીને ખેત જણસનું વેચાણ કરૂ ભાવ વેપારી નક્કી કરે અને પડતર પણ સુજે નહિ એવી કમાણી આવુ કેમ ? પ્રગતિશીલ ખેડુતોની મુલાકાતો અને અનુભવના આધાર ઉપર નક્કી કર્યુ કે જે વાવતેર ખેતરમાં કરવુ તેનુ ગ્રેડિંગ-શોટીંગ કરીને વેચાણ કરવુ ઉત્પાદન આપણુ, ગ્રેડીગ આપણુ, પેકિંગ આપણુ અને ભાવ પણ આપણો જ આ વિચાર સાથે છેલ્લા ચાર પાંચ વર્ષથી પોતાના ખેત ઉત્પાદનના સારા ભાવો મેળવી રહ્યા છે. ગત વર્ષે ૨૭૬૦ કિલો જીરૂનું પેકિંગ કરીને વેચાણ કરેલ હતુ. જયારે ૩૦૦ મણ જેટલા ઘઉંનું વેચાણ કરેલ, મગફળીમાંથી તેલ કાઢીને તેલના ડબ્બાનું વેચાણ કરેલ હતુ. હમણા જ અષાઢી બિજના દિવસે બેસ્ટ ગ્રેડીગ, શોટીંગ મશીન વસાવીને જીરૂ, તલ, બાજરી, મગ, અડદ, જુવાર, કલોજી જેવા પાકો ગ્રેડીગ અને સફાઈની કામગીરી કરીને વધારાની આવક મેળવશે. ખરા અર્થમાં ચંદુભાઈને અભિનંદન આપવા ઘટે ચંદુભાઈનો સંપર્ક નં.૯૪૨૭૭ ૩૮૫૫૪ છે.

**:: તિખારો ::**

**ફરીથી આ ધુળમાં રમવા દે એ જીંદગી કારણ કે આ સાફ-સુથરી અને ખોટુ બોલી, ખોટુ કરીને સફળ થવાની જીંદગી ધુળ કરતા પણ ખુબ મેલી છે. દોસ્ત**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨


મગફળીઃ Trichoderma એક લાભદાયક ફૂગ છે, જ્યારે Bacillus લાભદાયક બેક્ટેરિયા છે. બંને અલગ-અલગ રીતે રોગકારક ફૂગને દબાવે છે અને છોડની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. યોગ્ય ગુણવત્તાવાળા ઉત્પાદનો હોય તો બંને એકબીજાના પૂરક બની શકે છે. મગફળીમાં વધુ ઉત્પાદન લેવા મગફળી જ્યારે ૩૦ દિવસની થાય ત્યારે ખાસ કરીને નાઈટ્રોજન ફોસ્ફરસ અને સલ્ફરના બેક્ટેરિયા વાપરવા જરૂરી છે. આ માટે રાઈઝોબીયમ કલ્ચર , પીએસબીના તેમજ થાયોબેસીલાસ બેક્ટેરિયાનો ઉપયોગ કરવાથી સારું પરિણામ મળે. માઈક્રોરાઈયજા મગફળીમાં ઉપયોગ કરવો જોઈએ કે જ્યારે મગફળી ૩૦ દિવસથી નાની હોય તેને ૧૯:૧૯:૧૯ ૧૦૦ ગ્રામ સાથે સાયગ્રીગાયકોલ પંપમાં નાખી છંટકાવ કરવો. ૪૦ દિવસની થાય ત્યારે મગફળીમાં ૧૨:૬૧:૦ ૧૦૦ ગ્રામ સાથે સુક્ષ્મ તત્વોનું મિશ્રણ ગ્રેડ-૪ ૨૦-૨૫ ગ્રામ પંપમાં નાખી છંટકાવ કરવો. મગફળી ૪૫ દિવસની થાય ત્યારે ૦:૫૨:૩૪ ૧૦૦ ગ્રામ પંપમાં નાખી છંટકાવ કરવો.
વધુ પડતા ભેજ અને વાદળછાયાં વાતાવરણમાં ચૂસિયાં જીવાતોનો ઉપદ્રવ વધવાની શક્યતા છે, તેથી ખેતી પાકોનું નિરીક્ષણ કરતા નિયંત્રણ કરવાની જરૂરિયાત ઉભી થાય તો યોગ્ય શોષક પ્રકારના કીટનાશકનો છંટકાવ કરવો

**દિવેલા : વાવણી સમય**

● પિયત ખેતી માટે દિવેલાની વાવણી ૧૫ મી ઓગષ્ટ પછી કરવાથી પાકને ઘોડીયા ઈયળ તથા ડોડવા કોરી ખાનાર ઈયળોના ઉપદ્રવથી બચાવી શકાય છે.

● જી.સી.એચ.૭, જી.સી.એચ-૯ ખરીફ દિવેલાની વાવણી ઓગષ્ટના બીજા પખવાડિયા સુધીમાં કરવી.

● બિયારણ નો દર : ૬ કિલો / હેકટરે, બીજને બાવિસ્ટીન ૨ ગ્રામ અથવા થાયરમ ૩ ગ્રામ કિલો દિઠ પટ આપવો.

**પાકમાં રાસાયણિક ખાતર :** ૧૨૦+૫૦+૫૦ ના. ફો. પો. આપવું

● નાઈટ્રોજન અને પોટાશ પાયામાં ૫૦% તેમજ નાઈટ્રોજન બાકી રહેલ બે હપ્તામાં તથા પોટાશ ૪૫ દિવસે બાકીનો જથ્થો આપો.

● ખારા પાણીમાં દિવેલા ઉગાડવા જીસી-૩ જાતનું વાવેતર કરવા ભલામણ છે. રાસાયણિક ખાતર સાથે છાણીયું ખાતર૧૦ટન તથા જીપ્સમ ૩ ટન હેકટરે નાખવું.

**મગફળીઃ-** ચોમાસા દરમ્યાન વરસાદ પૂરતો અને સપ્રમાણ વહેંચણી થયેલ હોય તો મગફળી પાકને વધારાના પિયત આપવાની જરૂર રહેતી નથી. પરંતુ, જો ફૂલ આવવા, સૂયા ઉતરવા અને ડોડવામા દાણાના વિકાસ થવાની અવસ્થાએ વરસાદ ન હોય અને જમીનમા ભેજની ખેંચ જણાય તો વધારાનુ પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. દરિયાકાંઠાની હલકી પ્રતવાળી છીછરી જમીનમા વરસાદની અછતમાં પાકને બચાવવા પુરતુ જ કુવાના પાણીથી પિયત આપવુ. મુંડાના નિયંત્રણ માટે પહેલો સારો વરસાદ થયા પછી શેઢાઢપાળા પર આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના ડાળા હલાવી નીચે પડેલ ઢાલિયાને વીણાવી લઈ કેરોસીનવાળા પાણીમાં નાશ કરવોઈ ખેતરની ચારે બાજુ આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડ ઉપર કાર્બારીલ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવોઈ

**થડ / ડોડવાનો સડો લક્ષાણો :** જમીનની લગોલગ તથા અંદર થડ ઉપર આછા ભુખરા રંગનાં ધાબા દેખાય. થડ ઉપર સફેદ ફૂગના તાંતણા દેખાય જેમા ફૂગની ગોળાકાર સફેદ રંગની પેશીઓ બને. વખત જતા આ પેશીઓ (સ્કલેરોશીયા) રાઈના દાણા જેવી બને છે. સફેદ ફૂગ ડોડવા પર પણ જોવા મળે. જેને કારણે દાણાં જાંબુડીયા રંગના થઈ જાય. રોગ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો આખો છોડ સફેદ ફૂગના તાંતણાંથી ઘેરાઈ જાય. અંતે આખો છોડ સુકાઈ જાય છે.

**નિયંત્રણ :** આ રોગ ખાસ કરીને જમીન મારફતે ફેલાય છે. ધાન્ય પાકોની પાક ફેરબદલી કરવી. જમીનમા સેડવેલ સેન્દ્રીય ખાતર નાંખવું. અસરગ્રસ્ત વિસ્તારમાં મગફળીમાં પાળા ન ચડાવવા

**કપાસઃ**ખાતર આપવાની રીતોસામાન્ય રીતે કપાસના પાકમા ખાતર છાંટીને, જમીનની અંદર ખેતી ઓજારો દવારા પાકના પાન ઉપર સીધો છંટકાવ કરાવીને (ખાસ કરીને નાઈટ્રોજન તત્વ), પાકમાં આપવાનાં પાણી સાથે વિગેરે દ્વારા આપી શકાય છે. નાઈટ્રોજન યુકત ખાતરો પાકનાં જીવનકાળ દરમ્યાન જરૂરિયાત મુજબ એક કરતાં વધારે હપ્તામાં આપવામાં આવે છે. પૂર્તિખાતર આપવાનો આધાર પાકનો પ્રકાર, પાક લેવાનો હેતુ, પાકનો જીવનકાળ, જમીનનો પ્રકાર, પિયત વ્યવસ્થા વિગેરે ઉપર આધાર રાખે છે. કપાસના તેમજ પાકમાં નીંદામણ કર્યા પછી જ પૂર્તિ ખાતર આપવું જોઈએ.

**કપાસના પાકમાં સંકલિત જીવાત નિયંત્રણઃ**સામાન્ય રીતે કપાસ પાકમાં જીવાત નિયંત્રણ માટે ૬(છ) પધ્ધતિઓ જેવી કે,(૧) કર્ષણપધ્ધતિ, (૨) યાંત્રિક પધ્ધતિ, (૩) ભૌતિક પધ્ધતિ, (૪) ફેરોમેન ટ્રેપનો ઉપયોગ, (૫) જૈવિક નિયંત્રણ અને (૬) રાસાયણિક પધ્ધતિ. આ બધી જ પધ્ધતિઓનું જીવાતની પ્રવૃતિ અને ખાસિયતોને ધ્યાને લઈ તેનું સંકલન કરી દરેક પધ્ધતિઓનો થોડો ફાયદો મેળવી જીવાત નિયંત્રણ કરવાથી તેનું અસરકારક પરિણામ મેળવી શકાય છે. કપાસમાં સંકલિત જીવાત નિયંત્રણ માટે નીચે જણાવેલ પધ્ધતિઓને કપાસની વૃધ્ધિ અવસ્થાએ તેમજ જુદી જુદી જીવાતો નુકસાન અને ખાસિયતોને ધ્યાને લઈ સમયાંતરે તેનો ઉપયોગ કરવો જોઈએ.

● પાકની ફેરબદલી કરવી

● ફેરોમેન ટ્રેપ ગોઠવી જીવાતની મોજણી કરવી

● પિંજર પાક દિવેલાની વાવણી કરવી લશ્કરી ઈયળનું નિયંત્રણ કરી શકાય છે.

●પિંજર પાક ગલગોટાની વાવણી કરવી લીલી ઈયળનું નિયંત્રણ કરી શકાય છે.

●ખેતરમાં પરજીવી પરભક્ષીઓની જાળવણી કરવી

● પરજીવી ટ્રાયકોગ્રામાનો ઉપયોગ કરી જીંડવાની ઈયળનું નિયંત્રણ કરી શકાય છે.

● પરભક્ષી ક્રાયસોપાનો ઉપયોગ કરી ચૂસિયા પ્રકારની અને જીંડવાની ઈયળોને કાબુમાં રાખી શકાય છે.

● કપાસમાં લીલી ઈયળ અને લશ્કરી ઈયળ માટેનું વિષાણુંયુકત દ્રાવણ(એન.પી.વી.) અનુક્રમે ૪૫૦ અને૨૫૦ ઈયળયુનિટ પ્રતિ હેકટરે છાંટવાથી ઈયળોમાં રોગ ઉત્પન્ન થાય છે ને ઈયળ નાશ પામે છે.

**ખેતરમાં પક્ષીઓને બેસવાની વ્યવસ્થા ગોઠવવીઃ** ચૂસીયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે : ● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + ડાયમીથોએટ ૧૦ થી ૧૫ મિઈલીઈ પ્રતિ પંપ

● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + થાયોમીથોકઝામ ૩ થી ૪ ગ્રામ પ્રતિ પંપ

● બ્યુવેરીયા બાસીયાના ૮૦ થી ૧૦૦ ગ્રામ + કાર્બોસલ્ફાન ૭ થી ૧૦ મિઈલીઈ પ્રતિ પંપ

**સુકારો :** કપાસના ધરુ મૃત્યુનો રોગ વાવેતર બાદ એક માસ દરમ્યાન આવતો હોય, છુટા છવાયા નાના ધરુ સુકાતા જોવા મળે કે તુરત ડાયથેન એમ – ૪૫, અથવા કોપર ઓકઝીકલોરાઈડ અથવા કાર્બેન્ડાઝીમ મિશ્રણ સુકાતા છોડની આજુબાજુના ૫૦ – ૬૦ છોડના થડ પાસે રેડવુ તથા ૪ થી ૫ દિવસ પછી યુરિયા કે એમોનિયમ સલ્ફેટ આપવું

**અડદ :** નિંદણ નિયંત્રણ માટે ફલીઝાલોફોપ – ઈથાઈલ ૪૦ ગ્રામ/હે. વાવેતરબાદ ૨૦ દિવસે છંટકાવ કરવો. ચણા અને મગ તથા અન્ય પાકમાં મૂળખાઈ સુકારા માટે ટ્રાઈકોર્ડમાં વીરીડી અથવા ટ્રાઈકોર્ડમાં હરજીયાનમ નો ઉપયોગ કરો

**તુવેરઃ** તુવેરનાં બિયારણનો દર ૧૫ થી ૨૦ કિલો હેક્ટર રાખવો અને બીજને કાર્બેન્ડાઝીનનીમાવજત આપવી..

વાવેતર ૧૦ ઓગષ્ટ સુધીમાં કરી દેવું અને ખાતર ૧૧૦ કિલો ડીએપી આપવું. રીલે પાક

આંતરરીલે પાક માં બે મગફળીની લાઈન પછી એક તુવેર અથવા ત્રણ મગફળીની લાઈન પછી એક એરંડાની લાઈનનું વાવેતર કરવું

**ડુંગળીનું ધરૂ ઉછેર :**

● એક હેક્ટર માટે ૪ થી ૫ ગુઠામાં ધરૂનું વાવેતર કરવું. જમીનનું સોલેરાઈઝેશન કરવું.

● ધરૂવાડીયામાં બે ટન છાણીયુ ખાતર તેમજ ૫ થી ૬ કિલોગ્રામ યુરીયા અને ૪ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ જમીનમાં ભેળવવું.

● ગાદી કયારા ૪ થી ૫ મીટર લાંબા, ૧ થી ૧.૫ મીટર પહોળા અને ૧૫ સે.મી. ઉચાઈના બનાવવા. જેથી કયારામાં પાણી ભરાઈ ન રહે અને ધરૂના કહોવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

● એક હેક્ટરના વાવેતર માટે ૮ થી ૧૦ કિલોગ્રામ બિજની જરૂર પડે છે.

● બીજને વાવતા પહેલા થાયરમ ૩ ગ્રામ દવાનો એક કિલો બીજ દીઠ પટ આપવો.

● ત્યાર બાદ ૩ ઈંચના અંતરે લાકડાની પંજેઠી થી ચાસ ખોલવા / પાડવા અને તેમાંબીજ હરોળમાં આવવા.

● આ બીજ વાવેલા ચાસને હળવી લીલી શેડોનેટ ઢાંકી દેવી. ત્યાર બાદ સવાર – સાંજ ઝારાથી પાણી આપવું.

● દસ દિવસ પછી ઉપરની શેડોનેટ કાઢી નાખવી અને ધરૂમાં કહોવારો આવ્યો હોય અથવા ન આવે તે માટે રીડોમીલ ૨ થી ૩ગ્રામ૧૦ લીટર પાણીમાં લઈ ઝારાથી ૧ ચોરસ મીટર વિસ્તારમાં ૩ લીટર પ્રમાણે આપવું.

●

ધરૂવાડીયામાં સમયસર પિયત, પાક સંરક્ષણ તેમજ નિંદામણ કરતા રહેવું.

**લીંબુઃ**

● જો લીંબુના પાકને ફુલો આવવાના સમયમાં ફેરફાર કરી ઉનાળાના સમય દરમ્યાન વધારે ઉત્પાદન મેળવી શકાય તો લીંબુની ખેતી વધારે નફાકારક બનાવી શકાય.

● આ માટે ચોમાસું પુરૂ થયા બાદ વાડીને ખેડી ગોડી નાખવી અને જમીનને ૨૦ દિવસ સુધી તપવા દેવી.

● સુકી અને રોગિષ્ઠ ડાળીઓ કાપી દૂર કરવી અને બોર્ડો મિશ્રણ નો છંટકાવ કરવો.

● વીસ દિવસ બાદ ભલામણ પ્રમાણે ખાતરો આપી હળવું પિયત આપવુ જેથી ફુલો આવવાની શરૂઆત થશે.

● ઘણી વખત આવી માવજત આપ્યા બાદ વધારે વાનસ્પતિક વૃધ્ધિ થવાથી ફુલો આવતા નથી.

● આવા સંજોગોમાં ૧૦ પી .પી. એમ., ૨,૪-ડી અથવા ૫૦ પી.પી. એમ., એન. એ. એ. નો ૧ ટકા યુરિયાના દ્રાવણ સાથે છંટકાવ કરવો વધુમાં લીંબુના ફળો બરાબર બેસી ગયા બાદ ૨ ટકા યુરિયા સાથે ૨૦ પી. પી. એમ., એન. એ.એ. ના ૧ થી ૨ છંટકાવ કરવાથી ફળનું ખરણ ઘટે છે અને ફળના કદ અને વજનમાં વધારો થાય છે.



# પ્રિસિઝન ફાર્મિંગ : નવા યુગની આધુનિક પધ્ધતિ


ડો. રિશી કે કાલરીયા,
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત


પ્રિસિઝન ફાર્મિંગ : નવા યુગની આધુનિક પધ્ધતિ ૨૦/૦૭/૨૦૨૬ લેવી

● જિઓગ્રાફિકલ ઈન્ફોરમેશન સિસ્ટમ

● રિમોટ સેન્સિંગ

● કૃત્રિમ બુધ્ધિ અને રોબોટિક્સ ડ્રોન

પાકને લગતી દરેક નાની-મોટી માહિતી મળે છે

આવી ટેક્નોલોજીના ઉપયોગથી ખેતીના વધતા ખર્ચ અને કુદરતી આફતોને કારણે થતા નુકસાનને પણ ટાળી શકાય છે. તે પર્યાવરણ પર પ્રતિકૂળ અસરો ઘટાડવામાં પણ મદદ કરે છે. પ્રિસિઝન ફાર્મિંગમાં આધુનિક ટેક્નિકલ સાધનોનો ઉપયોગ થાય છે. આમાં સેન્સરની મદદથી પાક, માટી, નીંદણ, કિટકો કે છોડમાં થતા રોગોની સ્થિતિ જાણી શકાય છે.

આ તકનીકોની મદદથી પાકમાં દરેક નાના ફેરફારોને ટ્રેક કરી શકાય છે. જેમાં આવનાર સમયમાં બદલાવ વાતાવરણ અને જળવાયું પરિવર્તનમાં ડ્રોન જેવી તકનીકનો ઉપયોગથી કૃષિમાં આગામી હરિયાળી ક્રાંતિને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. કૃષિ ડ્રોનનો ઉપયોગ સચોટ ખેતી માટે થાય છે. જે ખેતીની એક આધુનિક પધ્ધતિ છે જે કાર્યક્ષમતા ને શ્રેષ્ઠ બનાવવા માટે વધુ માહિતી અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરે છે. ખેડૂતો, ડ્રોન ધ્વરા મેળવેલી માહિતીના આધારે નિર્યણયો બનાવી શકાય છે. જેથી પાકનું ઉચ્ચ ગુણવતા અને સારું ઉત્પાદન જાળવવી શકાય છે અને ખેતી ખર્ચ માં પણ ખટાડો કરી શકાય છે.

પ્રિસિઝન ફાર્મિંગના ફાયદા શું છે?

કૃષિ ઉત્પાદકતા વધારવામાં મદદ કરે છે. જમીનનું સ્વાસ્થ્ય બગડતું નથી. પાકને વધુ પડતા રસાયણોની જરૂર પડતી નથી. પાણી જેવા સંસાધનોનો યોગ્ય અને પર્યાપ્ત ઉપયોગ થાય છે. તેનાથી પાકની ગુણવત્તા, ઉત્પાદકતા વધારવામાં મદદ મળી છે. ખેતીમાં ખર્ચ ઓછો થાય છે. આ પ્રકારની ખેતી ખેડૂતોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરે છે.

પડકાર શું છે?

પ્રિસિઝન ફાર્મિંગ પર કરવામાં આવેલા ઘણા સંશોધનો દર્શાવે છે કે આ માટે સૌથી મોટો પડકાર યોગ્ય શિક્ષણ અને નાણાકીય સ્થિતિ છે. ભારતમાં આ ખેતી અંગે સ્થાનિક નિષ્ણાતો, ભંડોળ, આ પધ્ધતિ વિશે સંપૂર્ણ માહિતી વગેરેનો અભાવ છે. આ માટે પ્રિસિઝન ફાર્મિંગનો પ્રારંભિક ખર્ચ પણ ઘણો વધારે છે. આધુનિક યુગમાં, પ્રિસિઝન ફાર્મિંગના માધ્યમથી ડ્રોન કૃષિ છેત્રે ખેડૂતોને પાકમાં ઉચ્ચ ગુણવતા અને ઉત્પાદનની ક્ષમતા વધારવામાં મદદ કરી શકે છે અને ઉત્પાદન ખર્ચ અને મુશ્કેલીઓનો ઘટાડે છે.


# ચોમાસું સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ




ડાં.રાકેશ.એસ.પરમાર,
શ્રી અર્પિત.પી. ભુરીયા,
ડાં. ડી.એન.પડાળીયા અને
ડાં. આશિષ જી. વાળા


સોયાબીન એ કઠોળ વર્ગનો પાક છે. ઉત્તમ કક્ષાનું પ્રોટીન અને તેલ-ચરબી મેળવવા માટેનો સૌથી સસ્તો, સમૃધ્ધ, સરળ સ્ત્રોત છે. શરૂઆતમાં એ કઠોળ વર્ગનો પાક ગણાતો. પરંતુ તેલના ઊંચા પ્રમાણને લઈને હવે તે તેલીબિયાંનો પાક ગણવામાં આવે છે. સોયાબીનનો પાક મુખ્યત્ત્વે અમેરિકા, ચીન, બ્રાઝિલ, મેકસીકો, ભારત અને રશિયામાં કરવામાં આવે છે. ભારતમાં તે મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાસ્ટ્રા અને ગુજરાતમાં મુખ્ય વાવેતર થાય છે. ગુજરાતમાં સાબરકાંઠા, વડોદરા, અમરેલી અને દાહોદ જિલ્લામાં સોયાબીનનું મુખ્ય વાવેતર થાય છે. સોયાબીન કઠોળ વર્ગનો પાક હોવાથી તે જમીનમાં નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરતાં જીવાણુંઓને પોતાના મૂળમાં આશરો આપે છે અને જમીનની ફળદ્રુપતા પણ વધારે છે. સોયાબીનનો પાક ચોમાસું ઋતુમાં ૯૦ થી ૧૦૫ દિવસમાં થતો હોવાથી રવી ઋતુમાં ઘઉં કે અન્ય પાક લઈ શકાય છે. ચોમાસુ સિઝનમાં અન્ય પાકની સરખામણીએ સોયાબીન હેક્ટર દીઠ સારી કમાણી આપતો પાક છે. સોયાબીન ટૂંકા ગાળાનો તથા ઓછી ઊંચાઈ ધરાવતો પાક હોવાથી બીજા પાકોની સાથે આંતરપાક તરીકે લઈ શકાય છે. તેમજ ચોમાસું મોડું શરું થાય તો પણ વાવેતર માટે અનુકૂળ છે.

સોયાબીનની ખાધ ગુણવત્તા : બીજા કોઈપણ અનાજ કરતાં વધારે એટલે કે ૪૦% પ્રોટીન, ૧૮ થી ૨૦% તેલ અને ૩૧ થી ૩૫ % કાર્બોહાઈડ્રેટ સોયાબીનના દાણામાંથી મળે છે.સોયાબીન તેલમાં લાયસીન નામનો અતિ મહત્ત્વનો એમિનો એસિડ પણ મળી રહે છે જે ઘઉં, ચોખા, બાજરી અને મકાઈ જેવા અનાજમાં ઓછો હોય છે. ગાયના દૂધની માફક સોયાબીનનું દૂધ પણ સુપાચ્ય અને ખૂબ જ પૌષ્ટિક હોય છે, જેમાંથી પનીર (ટોફુ) બનાવી શકાય છે. સોયાબીનનો લોટ અનાજના લોટ સાથે મેળવીને ખાવાના ઉપયોગમાં લેવાથી એક ઉત્તમ આહારથી ગરજ સારે છે. સોયાબીનમાં રહેલ વિટામિન એન્ઝાઈમ ઉત્પન્ન કરવામાં હોજરીને મદદ કરે છે.સોયાબીનના તેલમાં અતૃપ્ત સ્નેહઅમ્લ લિનોલેઈકનું પ્રમાણ ૫૧% જેટલું હોય છે. જ્યારે તલના તેલમાં ૪૨% અને સીંગતેલમાં ૨૯% જેટલું હોય છે જે શરીરની ગ્રંથિઓની ક્ષમતા વધારે છે. સોયાબીનમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને લોહ તત્ત્વ રહેલ હોવાથી શરીરના હાડકાં, વાળ, નખ અને દાંત મજબૂત રહે છે.સોયાબીન બ્રેડ - બિસ્કીટ અને કેન્ડી બનાવવા માટે પણ વપરાય છે. સોયાબીનનો ખોળ પશુ અને મરઘાં માટે ઉત્તમ દાણ પૂરું પાડે છે.



સોયાબીનની ખેતી પધ્ધતિ અને જમીન અને આબોહવા : સોયાબીનનું સારુ અને વધુ ઉત્પાદન મેળવવા માટે સારા નિતારવાળી, ગોરાડુ જમીન તથા મધ્યમ કાળી કે બેસર જમીનમાં વાવેતર કરવું જોઈએ. ક્ષારવાળી અમ્લીય કે પાણી ભરાઈ રહે તેવી જમીન સોયાબીનના પાકને અનુકુળ આવતી નથી. સોયાબીનનો પાક હૂંફાળું અને ભેજવાળી આબોહવામાં સારો થાય. પૂરતો વરસાદ, મધ્યમ તાપમાન અને ઊંચો સાપેક્ષ ભેજ સોયાબીનની ખેતીને અનુકૂળ આવે છે. ભેજની અછત કે હિમ સહન કરી શકતું નથી. ફૂલો આવતાં હોય ત્યારે કે તેના પહેલાં તરત જ ભેજની અછત વરતાય તો ફૂલો અને શીંગ અકાળે ખરી પડે. પરિપક્વ અવસ્થાએ જો વરસાદ પડે તો બીજની ગુણવત્તાને નુકસાન પહોંચાડી શકે છે.

સેન્દ્રીય ખાતર : સોયાબીન જમીનમાં નાઈટ્રોજન સ્થીરીકરણ કરતો પાક હોવા છતાં, શરુઆતમાં પોષકતત્ત્વની જરૂર પડે છે. તેથી હેક્ટર દીઠ ૧૦ ટન સારૂ કોહવાયેલું છાંણીયું ખાતર જમીનની પ્રાથમિક ખેડ સમયે આપવું જરૂરી છે. છાંણીયું ખાતર આપી ટ્રેકટરની મદદથી અથવા હળથી ઊંડી ખેડ કરવી અને બે થી ત્રણ કરબની ખેડ કરી સમાર મારી જમીન તૈયાર કરવી. **(ક્રમશઃ)**

# લોર્ડ્સમાં ઈંગ્લેન્ડનો રેકોર્ડ સ્કોર, ભારતને જીત માટે ૩૮૮ રનનો પડકાર

**રોહિત શર્માએ કારકિર્દીની ૩૪મી વન-ડે સદી નોંધાવી**

લોર્ડ્સ,તા.૧૯

લોર્ડ્સમાં રમાયેલી ત્રીજી વન-ડેમાં ઈંગ્લેન્ડે ભારત સામે ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૩૮૭ રન ફટકારી ૩૮૮ રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો. ભારત સામે ઈંગ્લેન્ડનો આ અત્યાર સુધીનો સૌથી મોટો વન-ડે સ્કોર છે. અગાઉ ૨૦૧૭માં ઈંગ્લિશ ટીમે ૩૮૧/૭ રન બનાવ્યા હતા. બેન ડકેટે ૧૩૫ બોલમાં ૧૪૧ રનની શાનદાર ઈનિંગ રમી, જ્યારે જેકબ બેથેલે ૯૧ અને જો રૂટે અણનમ ૭૪ રન નોંધાવ્યા હતા. અંતિમ ઓવરોમાં જોસ બટલરે માત્ર ૧૩ બોલમાં અણનમ ૪૧ રનની તોફાની ઈનિંગ રમી હતી.



ભારત તરફથી પ્રસિદ્ધ કૃષ્ણાએ બે વિકેટ ઝડપી હતી. જવાબમાં ભારતે ૩૪ ઓવરમાં ૨૨૭/૧ રન બનાવ્યા હતા. રોહિત શર્માએ કારકિર્દીની ૩૪મી વન-ડે સદી નોંધાવી હતી, જ્યારે કેપ્ટન શુભમન ગિલ ૭૭ રન બનાવી આદિલ રશીદની બોલિંગમાં એલબીડબ્લ્યુ આઉટ થયો હતો. રોહિત અને વિરાટ કોહલી ભારતની આશાઓ જાળવી રાખી ક્રિઝ પર બેટિંગ કરી રહ્યા હતા.

# પૂંચમાં અચાનક પૂર અને ભૂસ્ખલનથી ભારે તબાહી, સુરનકોટમાં ૧૧નાં મોત

જમ્મુ,તા.૧૯

જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લામાં શનિવાર મોડી રાતથી રવિવાર સવાર સુધી પડેલા મુશળધાર વરસાદે ભારે તબાહી મચાવી છે. અચાનક આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે સુરનકોટ સહિતના વિસ્તારોમાં અત્યાર સુધી ૧૧ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ગુમ હોવાનું જણાવાયું છે. ત્રણ બાળકો સહિત ચાર લોકો ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. લોઅર માડા ગામમાં ભૂસ્ખલનથી એક ઘર કાટમાળ નીચે દટાઈ જતાં આઠ મૃતદેહો મળી આવ્યા છે. સાંગલેયાની, મરહોટ અને નુનાબંધી ગામોમાં પણ ઘર ધરાશાયી થવા અને નાળામાં તણાઈ જવાની ઘટનાઓમાં વધુ ત્રણ લોકોના મોત થયા છે. જિલ્લા પ્રશાસન, પોલીસ અને સેનાની સંયુક્ત ટીમો બચાવ અને રાહત કામગીરીમાં સતત જોડાયેલી છે. ડેપ્યુટી કમિશનર અશોક કુમાર શર્મા અને એસએસપી શફકત હુસૈને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. પ્રશાસને લોકોને નદી-નાળા અને ભૂસ્ખલન સંભાવિત વિસ્તારોમાંથી દૂર રહેવા તેમજ હવામાન વિભાગની ચેતવણીઓનું પાલન કરવાની અપીલ કરી છે.



# યુપીમાં જેડીયુ અને એલજેપીની અલગ વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત

લખનૌ, તા.૧૯

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બિહારના એનડીએના બે સાથી પક્ષો જનતા દળ (યુનાઈટેડ) અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)એ રાજ્યમાં રાજકીય સક્રિયતા વધારી છે.

જેડીયુએ વિકાસ અને સુશાસનના મુદ્દે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે, જ્યારે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને એલજેપી ઉત્તર પ્રદેશની તમામ ૪૦૩ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીમાં હોવાનું જણાવ્યું છે.

આ જાહેરાતો બાદ રાજ્યના રાજકીય વર્તુળોમાં નવા સમીકરણોને લઈને ચર્ચા શરૂ થઈ છે.

જોકે, બંને પક્ષો ભાજપ સાથે ગઠબંધનમાં ચૂંટણી લડશે કે સ્વતંત્ર રીતે મેદાનમાં ઉતરશે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# ચાંદીપુરા વાયરસ સામે અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ સજ્જ

અમરેલી,તા.૧૯

રાજ્યભરમાં ચાંદીપુરા વાયરસના કેસોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે સતર્ક બન્યો છે. સદનસીબે, અમરેલી જિલ્લામાં આજ દિન સુધી ચાંદીપુરા વાયરસનો એક પણ શંકાસ્પદ કેસ નોંધાયો નથી. તેમ છતાં, ભવિષ્યમાં સંભવિત ખતરાને ખાળવા માટે આરોગ્ય



તંત્ર દ્વારા પૂર્વતૈયારીના ભાગરૂપે ધનિષ્ઠ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં જિલ્લાના IMA અનu IAP એસોસિએશન સાથે એક વિશેષ બેઠક (CME) યોજવામાં આવી હતી. આ બેઠકમાં ખાનગી બાળરોગ નિષ્ણાતો, ફિઝિશિયનો અને જનરલ પ્રેક્ટિશનરોને વાયરસના લક્ષણો અંગે વિગતવાર માર્ગદર્શન આપી, કોઈ પણ શંકાસ્પદ કેસ જણાય તો તુરંત સરકારી તંત્રને જાણ કરવા અનુરોધ કરાયો છે. હાલમાં જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો હેઠળ સઘન સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. જો કોઈ દર્દીમાં શંકાસ્પદ લક્ષણો દેખાય, તો તેને તાત્કાલિક સબ ડિસ્ટ્રિક્ટ અથવા જનરલ હોસ્પિટલ ખાતે રીફર કરવાની કડક સૂચના અપાઈ છે. પ્રજામાં ભયનો માહોલ ન સર્જાય તે માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

# ચોમાસુ સત્ર પૂર્વે સર્વપક્ષીય બેઠકમાં હોબાળો, વિપક્ષનો પ્રતીકાત્મક વોકઆઉટ

નવી દિલ્હી, તા.૧૯

સંસદના ચોમાસુ સત્ર પૂર્વે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં બળવાખોર તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના સાંસદોને આમંત્રણ અપાતા વિપક્ષે વિરોધ નોંધાવ્યો હતો.


કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, આમ આદમી પાર્ટી સહિતના વિપક્ષી પક્ષોએ બેઠકમાંથી પ્રતીકાત્મક વોકઆઉટ કર્યો હતો. વિપક્ષે આરોપ લગાવ્યો કે બળવાખોર સાંસદોને અલગ જૂથ તરીકે માન્યતા આપવાનો નિર્ણય ગેરબંધારણીય છે. જોકે, બાદમાં વિપક્ષી નેતાઓ બેઠકમાં પરત ફર્યા અને જણાવ્યું કે તેમનો વિરોધ માત્ર પ્રતીકાત્મક હતો.

સરકાર તરફથી આ મુદ્દે પોતાનો અભિગમ રજૂ કરવામાં આવ્યો, જ્યારે બેઠકમાં સંસદના ચોમાસુ સત્રને સુચારુ રીતે ચલાવવા અંગે પણ ચર્ચા થઈ.

# યુક્રેનનો રશિયા પર મોટો ડ્રોન હુમલામાં ૯ના મોત, ગોદામો અને તેલ ડેપો નિશાન પર

કિવ, તા.૧૯

રશિયા-યુક્રેન યુધ્ધ વચ્ચે યુક્રેને રશિયાના અનેક વિસ્તારોમાં મોટા પાયે ડ્રોન હુમલા કર્યા હોવાનું રશિયન અધિકારીઓએ જણાવ્યું છે. મોસ્કો નજીક આવેલા બે ગોદામો અને એક તેલ ડેપોને નિશાન બનાવવામાં આવતાં નવ લોકોના મોત થયા હોવાનું અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. હુમલા બાદ અનેક સ્થળોએ આગ ફાટી નીકળતાં આસપાસના વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા હતા.



રશિયાના જણાવ્યા અનુસાર, ટેમ્બોવ અને મોસ્કો પ્રદેશમાં આવેલા વેરહાઉસ તેમજ નોગિન્સ્કના તેલ ડેપોને નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ દાવો કર્યો છે કે હુમલામાં રશિયાની લોજિસ્ટિક્સ અને તેલ સંબંધિત મહત્વપૂર્ણ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે ૩૭૯ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યાનો દાવો કર્યો છે, જોકે કેટલાક ડ્રોન લક્ષ્ય સુધી પહોંચતાં નુકસાન થયું હોવાનું સ્વીકાર્યું છે.

# બદ્રીનાથ ધામમાં દાન અને 'કુબેરના ખજાના'ની તપાસ તેજ, પોલીસે ત્રણ વર્ષના રેકોર્ડ માંગ્યા

બદ્રીનાથ, તા.૧૯

બદ્રીનાથ ધામમાં પ્રસાદની ગણતરી દરમિયાન કથિત નાણાકીય ગેરરીતિ સામે આવ્યા બાદ પોલીસે તપાસનો વ્યાપ વધારી મંદિરના 'કુબેરના ખજાના' સંબંધિત રેકોર્ડની પણ તપાસ શરૂ કરી છે. આ માટે બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી) પાસેથી છેલ્લા ત્રણ વર્ષના દાન અને હિસાબી દસ્તાવેજો માંગવામાં આવ્યા છે.





પોલીસ રોકડ રકમ ઉપરાંત ભક્તો દ્વારા દાનમાં અપાયેલા સોના, ચાંદી, હીરા, માણેક અને અન્ય કિંમતી દાગીનાના હિસાબની ચકાસણી કરશે. એસપી સુરજીત સિંહ પનવારે જણાવ્યું કે નાણાકીય રેકોર્ડની તપાસ માટે નિષ્ણાત એકાઉન્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે. આ દરમિયાન કેસના આરોપી રાજેન્દ્ર ચૌહાણને કોર્ટે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે, જ્યારે મુખ્ય આરોપી પ્રમોદ નૌટિયાલના કસ્ટડી રિમાન્ડની પોલીસની અરજી નામંજૂર કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું છે કે પુરાવાના આધારે તપાસ આગળ વધી રહી છે અને જરૂર જણાય તો વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# ધોરાજી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજમાં સંગીત સંધ્યાનું આયોજન

ધોરાજી,તા.૧૯

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા શનિવારે સાંજે સમાજવાડી ખાતે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પીજીવીસીએલના અધિકારી રાદડિયા, ખોડલધામ સમિતિ ધોરાજીના ડી. કે. અંટાળા, ઉદ્યોગપતિ તુષારભાઈ, સામાજિક અગ્રણી કિશોરભાઈ રાઠોડ, નિજાનંદ પરિવારના વિરાણીભાઈ સહિત આગેવાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કલાકારોએ નવા અને જૂના ફિલ્મી ગીતોની મનમોહક રજૂઆત કરી હતી. ડી. કે. અંટાળાએ જણાવ્યું કે આ કાર્યક્રમ નોન-પ્રોફેશનલ ગાયકો માટે પોતાની પ્રતિભા રજૂ કરવા ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડે છે. કાર્યક્રમના સફળ આયોજનમાં રાજુભાઈ યાદવ, નિલેશભાઈ ભટ્ટી અને જગદીશભાઈ ગામોટ સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.



# ધોરાજીમાં ઊંચા તાજિયા કેસ બાદ કોર્ટે માત્ર દોઢ કલાકમાં તમામ કાર્યવાહી રદ કરી


ધોરાજી, તા.૧૯

મોહરમના જુલૂસમાં નિયત ધારાધોરણ કરતાં વધુ ઊંચાઈના તાજિયા બનાવવા બદલ ધોરાજી સિટી પોલીસે ૨૦થી વધુ આયોજકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. આ મામલો એડિશનલ જ્યુડિશિયલ કોર્ટમાં પહોંચતાં, તાજીયા કમિટીના આગેવાનો વતી એડવોકેટ ચંદુભાઈ પટેલે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો રજૂ કરી હતી.તેમણે સુપ્રીમ કોર્ટના મહત્ત્વના ચુકાદા ટાંકીને જણાવ્યું કે પોલીસે કાયદાકીય પ્રક્રિયાનું યોગ્ય પાલન કર્યું નથી. આ દલીલોને ગ્રાહ્ય રાખી એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી. કે. બંસલે આક્ષેપો ફગાવીને માત્ર દોઢ કલાકમાં જ આરોપીઓ વિરૂધ્ધની તમામ પોલીસ કાર્યવાહી બંધ કરવાનો ઐતિહાસિક હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ધોરાજીમાં તમામ તહેવારો હંમેશાં કોમી એકતા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય છે.

# રામ મંદિર ટ્રસ્ટના પુનર્ગઠનની માંગ સાથે નિર્મોહી અખાડાની સુપ્રીમ કોર્ટમાં નવી અરજી

નવી દિલ્હી, તા.૧૯

નિર્મોહી અખાડાએ અયોધ્યાના રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. અરજીમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનું પુનર્ગઠન, અખાડાને યોગ્ય પ્રતિનિધિત્વ, ટ્રસ્ટીઓની નિમણૂક માટે સ્પષ્ટ નિયમો અને ૨૦૧૯ના ચુકાદાના અમલની સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ ટ્રસ્ટના નાણાકીય વ્યવહારોનું



ફોરેન્સિક ઓડિટ કરાવવા અને પરંપરાગત રામાનંદી રીત-રિવાજ મુજબ મંદિરની પૂજા-સેવા કરવાની પણ માંગ ઉઠાવવામાં આવી છે. આ મામલો હાલ સુપ્રીમ કોર્ટના વિચારાધીન છે.

# કોડીનારની બે વોલીબોલ ખેલાડીઓની ઈન્ડિયા અંડર-૧૮ ટીમમાં પસંદગી

કોડીનાર,તા.૧૯

કોડીનારની બે વોલીબોલ ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય ફલક પર જિલ્લાનું નામ રોશન કર્યું છે. સોમનાથ એકેડમીની પૂર્વ વિદ્યાર્થીનીઓ વાળા રાજલબેન પ્રતાપભાઈ અને વાઢેર અર્પિતા જાદવભાઈએ ઈન્ડિયા અંડર-૧૮ વોલીબોલ ટીમમાં સ્થાન મેળવ્યું છે. વર્ષ ૨૦૧૮-૧૯થી એકેડમીમાં જોડાઈને રમતગમતની કારકિર્દી શરૂ કરનાર આ બંને ખેલાડીઓએ ગત વર્ષોમાં અનેક મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. જેમાં વાળા રાજલબેનઃ સબ-જુનિયર સ્ટેટ બ્રોન્ઝ મેડલ,





SGFI સ્ટેટ સિલ્વર મેડલ, KMR સ્ટેટ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. આ ઉપરાંત વાઢેર અર્પિતાએ KMR અંડર-૧૪ વોલીબોલ ગોલ્ડ મેડલ, સબ-જુનિયર સ્ટેટ બ્રોન્ઝ મેડલ અને SGFI અંડર-૧૭ લેવલના વિવિધ મેડલ્સ પોતાના નામે કર્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫માં સ્પોર્ટ્સ એકેડમી, નડિયાદ ખાતે સિલેક્શન બાદ, રાજલબેને ભારતની અંડર-૧૮ વોલીબોલ ટીમમાં 'કેપ્ટન' તરીકેની જવાબદારી નિભાવી હતી. અર્પિતાએ પણ અંડર-૧૮ ટીમમાં સ્થાન મેળવીને થાઈલેન્ડ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એકેડમીના પ્રમુખ કરશનભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કૂણાલભાઈ સોલંકી, DSDO કાનજીભાઈ બાલીયા, DLSS મેનેજર રણજીતભાઈ દાહીમા અને શાળાના આચાર્યે આ બંને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. શાળાના વોલીબોલ કોચ જશરાજભાઈ દાહીમા અને ગીતાબેન વાળા સહિતના કોચિંગ સ્ટાફના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે.

# ધોરાજી ડબલ મર્ડર કેસનો ભેદ ઉકેલાયો, પ્રેમ સંબંધમાં નિષ્ફળતા હત્યાનું કારણ બન્યુ

ધોરાજી,તા.૧૯

રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ધોરાજી તાલુકાના મોટી મારડ ગામની સીમમાં ૧૪ જુલાઈએ થયેલા પતિ-પત્નીના ડબલ મર્ડર કેસનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપીને ઝડપી લીધો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સુરેશ કમલેશભાઈ બારીયાએ પ્રેમ સંબંધમાં નિષ્ફળતા અને બદલો લેવાની ભાવનાથી આ હત્યા કરી હતી.



રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે મૃતક દુર્ગા સાથે આરોપીને છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ હતો. જોકે દુર્ગાના લગ્ન રોહિત સાથે થતાં આરોપી મનદુઃખ રાખતો હતો. ઘટના દિવસે તેણે લોખંડના પાઈપ જેવા હથિયારથી સૂતા દંપતી પર હુમલો કરી બંનેની હત્યા કરી હતી. આ ગુનાની તપાસ માટે એલસીબી, એસઓજી અને પાટણવાવ પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ, ડિજિટલ પુરાવા અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હતી. હાલ આરોપીને ડિટેઈન કરી વધુ તપાસ અને પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**રાજ્યના ૯૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો, અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં મધ્યમ વરસાદની આગાહી**

# માત્ર બે ઈંચ વરસાદમાં સુરત અને નવસારીમાં પાણી ભરાયા

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં ચોમાસું હવે સંપૂર્ણ રીતે સક્રિય બનતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં સારો વરસાદ વરસતા ક્યાંક રાહત તો ક્યાંક મુશ્કેલીનો માહોલ જોવા મળ્યો છે. ભારે વરસાદને કારણે અનેક શહેરોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન પ્રભાવિત બન્યું હતું.

સુરતમાં વહેલી સવારના આશરે બે ઈંચ વરસાદમાં જ અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઉધના વિસ્તાર સહિત અનેક નીચાણવાળા માર્ગો પર પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉધના-નવસારી માર્ગ પર પાણી ભરાવાથી વાહનોની અવરજવર ધીમી બની હતી. દક્ષેશ્વર મંદિર નજીક પણ ઘૂંટણસમા પાણી ભરાતા રોજિંદા કામે નીકળેલા લોકોને મુશ્કેલી પડી હતી.



નવસારી શહેરમાં પણ સતત વરસેલા વરસાદથી મુખ્ય માર્ગો પાણીમાં ડૂબી ગયા હતા. સ્ટેશન રોડ, ધાનેરા પોઈન્ટ, તીઘરા અને જકાતનાકા વિસ્તારમાં પાણી ભરાતા વાહન વ્યવહાર પર અસર થઈ હતી. વેપારીઓ તેમજ સ્થાનિક રહેવાસીઓને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

રાજ્ય આપત્તિ નિયંત્રણ કેન્દ્રના આંકડા મુજબ તાપીના વાલોડ અને વલસાડના ઉમરગામમાં સૌથી વધુ અઢી ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉપરાંત ૧૬ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. ચીખલી, જલાલપોર, પારડી, અંબિકા, પલસાણા, ફાગવેલ અને વલસાડ સહિત અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. રાજકોટ જિલ્લાના ઉપલેટામાં સતત બીજા દિવસે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બજાર વિસ્તાર અને મુખ્ય માર્ગો પર પાણી ભરાતા વેપારીઓ અને લોકોને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને અન્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. તંત્રે લોકોને સાવચેત રહેવા અને જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવાની અપીલ કરી છે.

## ભાવનગરમાં ચાંદીપુરા વાયરસથી વલભીપુરના છ વર્ષના બાળકનું મોત

ભાવનગર, તા.૧૯

ગુજરાતમાં કેર વર્તાવી રહેલા ચાંદીપુરા વાયરસે હવે ભાવનગર જિલ્લામાં પણ પગપેસારો કર્યો છે. વલભીપુર તાલુકાના મેલાણા ગામે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના ૬ વર્ષીય બાળકનું આ વાયરસના કારણે મોત નીપજ્યું છે. ગત ૮ જુલાઈએ બાળકને તાવ અને ચાલવાની તકલીફ થતાં ભાવનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં ૯ જુલાઈએ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તાજેતરમાં આવેલા લેબ રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસની સત્તાવાર પુષ્ટિ થઈ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪ બાળકોના મોત ચાંદીપુરાથી થયાનું કન્ફર્મ થયું છે, જ્યારે અન્ય ૯ બાળ દર્દીઓના શંકાસ્પદ લક્ષણોથી મોત થતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. પંચમહાલ અને સાબરકાંઠા બાદ ભાવનગરમાં કેસ નોંધાતા ચિંતા વધી છે.

## રાજ્યમાં જૈશના આતંકીઓનો કેમિકલ વેપન અને ઝેરી ગેસ બનાવવાનો હતો પ્લાન

અમદાવાદ,તા.૧૯

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (ATS) દ્વારા બનાસકાંઠાના પાલનપુર અને પાટણના સિદ્ધપુરથી ઝડપાયેલા જૈશ-એ-મોહમ્મદના ૧૩ આતંકવાદીઓની પૂછપરછમાં સનસનાટીભર્યા ખુલાસા થયા છે. આ આતંકીઓ સિધ્ધપુર નજીક ૮ વખત બોમ્બ બ્લાસ્ટનું ટેસ્ટિંગ કરવાની સાથે એક અત્યંત ઝેરી ગેસ તૈયાર કરી કેમિકલ વેપન બનાવવાની ફિરાકમાં હતા.



પાકિસ્તાની હેન્ડલર્સના સંપર્કમાં રહેલા આ આતંકીઓ જુદા-જુદા ધાર્મિક અને ઉગ્રવાદી પુસ્તકોના આધારે ઝેરી વાયુ બનાવવાની તાલીમ મેળવી ચૂક્યા હતા. તેઓ કાચની હવાચુસ્ત બરણીમાં છાણ, મકાઈનો લોટ, મટનના ટુકડા અને ઘાતક કેમિકલ્સનું મિશ્રણ કરી, તેને ૧૫ દિવસ સુધી જમીનની નીચે દાટી રાખતા હતા. આ પ્રક્રિયાથી બરણીમાં એક અત્યંત જીવલેણ ગેસ તૈયાર થતો હતો, જે ગુજરાતમાં મોટી જાનહાનિ સર્જી શકતો હતો. પકડાયેલા આતંકીઓ આ કેમિકલ વેપનનો ઉપયોગ કયા ચોક્કસ સ્થળે કરવાના હતા તે દિશામાં એટીએસ દ્વારા હાલ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

## ખાદ્યતેલના ભાવમાં સતત વધારો, ૧૫ દિવસમાં સીંગતેલ-કપાસિયા તેલ મોંઘું

રાજકોટ,તા.૧૯




રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ખાદ્યતેલના ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં સીંગતેલના ડબ્બામાં ૧૬૫ રૂપિયા અને કપાસિયા તેલમાં ૧૫૫ રૂપિયાનો વધારો થયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ મગફળી અને કપાસના ઓછા વાવેતરથી કાચા માલની અછત સર્જાતા ભાવ ઊંચા ગયા છે. તહેવારો પહેલાં વધતી મોંઘવારીએ સામાન્ય પરિવારોની ચિંતા વધારી છે.

## અમદાવાદ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ બાદ સંચાલકો સામે ગુનો નોંધાયો

અમદાવાદ,તા.૧૯

અમદાવાદના વટવા વિસ્તારમાં ગેરકાયદે ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટ બાદ રામોલ પોલીસે સંચાલકો સામે ગુનો નોંધ્યો છે. ઘટનામાં ૯ લોકોના મોત થયા હતા જ્યારે ૬ લોકો ગંભીર રીતે દાઝ્યા હતા. પોલીસે મેહુલ ડોડીયા, રમીલાબેન ડોડીયા અને ભાગીદાર સાદીક સૈયદ સહિતના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ વિસ્ફોટક પદાર્થ સંબંધિત કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.



પ્રાથમિક તપાસમાં સુરક્ષાના નિયમોની અવગણના કરીને ગેરકાયદે ઉત્પાદન થતું હોવાનું સામે આવ્યું છે. બ્લાસ્ટ બાદ પોલીસ, ફાયર વિભાગ અને મહાનગરપાલિકાએ સંયુક્ત તપાસ દરમિયાન વધુ બે ગેરકાયદે ફટાકડા ફેક્ટરીઓ સીલ કરી હતી અને ત્યાંથી મળેલો જથ્થો જપ્ત કર્યો હતો. શહેરમાં અન્ય ગેરકાયદે એકમોની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

## સુરતમાં પાવરગ્રીડ ટાવર સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ, કલેક્ટર કચેરીએ દેખાવો

સુરત,તા.૧૯

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈન અને હાઈ-વોલ્ટેજ વીજ ટાવરની કામગીરી સામે ખેડૂતોનો વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. ઓલપાડ, કામરેજ, માંગરોળ, બારડોલી, મહુવા અને પલસાણા સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. વિરોધ દરમિયાન ખેડૂતો સરકારના નવા વળતર પરિપત્રની પ્રતિકાત્મક હોળી કરી અને “વળતર નહીં તો ટાવર નહીં”ના નારા લગાવ્યા હતા.



ખેડૂતોનું કહેવું છે કે કંપનીઓ દ્વારા આપવામાં આવતું વળતર બજાર કિંમત કરતાં ઘણું ઓછું છે અને ટાવર ઉભા થયા બાદ ખેતીને લાંબા ગાળે નુકસાન થાય છે. ખેડૂત સંગઠનોએ બજાર કિંમતના ચાર ગણાં વળતર અથવા માસિક-વાર્ષિક ભાડાની માંગ કરી છે. પાકના નુકસાનનું અલગ વળતર ચૂકવવાની પણ રજૂઆત કરવામાં આવી છે. કલેક્ટરને આવેદનપત્ર આપી માંગણીઓ નહીં સ્વીકારાય તો આંદોલન વધુ ઉગ્ર કરવાની ચેતવણી અપાઈ છે.

## કેશોદમાં અંબરગ્રીસની તસ્કરીનો પર્દાફાશ, ૧.૬૩ કરોડના મુદ્દામાલ સાથે બોટાદનો શખ્સ ઝડપાયો

કેશોદ,તા.૧૯

જૂનાગઢ જિલ્લાના કેશોદ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરીને શંકાસ્પદ અંબરગ્રીસ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલ આરોપીની ઓળખ બોટાદ જિલ્લાના ગાયત્રીનગરના વૈભવ અશ્વીનભાઈ શુક્લા તરીકે થઈ છે. તેની પાસેથી ૧ કિલો ૬૨૪ ગ્રામ શંકાસ્પદ અંબરગ્રીસ, એક મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવ્યા છે.



આંતરરાષ્ટ્રીય બજારમાં આ મુદ્દામાલની અંદાજિત કિંમત ૧.૬૩ કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવે છે. પોલીસે કાયદેસરની કાર્યવાહી બાદ આરોપી અને જપ્ત મુદ્દામાલ વન વિભાગને સોંપ્યો છે. વન વિભાગે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જપ્ત કરાયેલા પદાર્થની અસલિયત અને કિંમતની ખાતરી માટે તેનો નમૂનો ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. એફએસએલનો અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

## રાજ્યની સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં સ્ટાફની ભારે તંગી

અમદાવાદ,તા.૧૯

ગુજરાતની સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં નવી બ્રાન્ચ અને બેઠકો વધારવામાં આવી છે, પરંતુ તે મુજબ સ્ટાફની ભરતી ન થતાં શિક્ષણની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. હાલ કોલેજોમાં અધ્યાપકોની ૩૫% અને વર્ગ-૩ની ૭૦% જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે.વર્ષ ૨૦૨૨થી સરકારી ઈજનેરી કોલેજોમાં એઆઈ, ડેટા સાયન્સ અને રોબોટિક્સ જેવા આધુનિક અભ્યાસક્રમો હેઠળ ૧,૪૬૪ નવી બેઠકો ઉમેરાઈ છે અને પ્રથમ બેચ પણ પાસ આઉટ થઈ ગઈ છે. આમ છતાં, છેલ્લા ચાર વર્ષથી જરૂરી નિષ્ણાત પ્રોફેસરો કે લેબ સ્ટાફની ભરતી કરાઈ નથી.આ પરિસ્થિતિને પગલે ગુજરાત શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને તાત્કાલિક શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા ઉગ્ર માગ કરી છે.

## પાટણની હોટલમાં પત્નીની હત્યા કરી પ્રેમલગ્ન કરનાર પતિ ફરાર

પાટણ,તા.૧૯

પાટણ શહેરની એક હોટલમાંથી અમદાવાદની રહેવાસી શ્રેયા પટનીનો મૃતદેહ મળતા હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે સામે આવ્યું છે કે પ્રેમલગ્ન કરનાર પતિએ જ ગળું દબાવી પત્નીની હત્યા કરી હતી. ઘટના બાદ આરોપી હોટલ સંચાલકને રૂમ ન ખોલવાની સૂચના આપી મોબાઈલ બંધ કરીને ફરાર થઈ ગયો હતો. શંકા જતાં હોટલ સ્ટાફે રૂમ તપાસતા મૃતદેહ મળી આવ્યો હતો.



પોલીસે સીસીટીવી સહિતના પુરાવા એકત્ર કર્યા છે. પતિ અને અન્ય એક શખ્સ સામે ગુનો નોંધાયો છે. આરોપીઓને ઝડપી પાડવા પોલીસની પાંચ ટીમો તપાસમાં લાગી છે.






## અમદાવાદમાં અદાણી CNGના ભાવમાં રૂ. ૨નો વધારો: નવો ભાવ રૂ.૯૦.૨૦ એ પહોંચ્યો

અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં સીએનજી (CNG) વપરાશકર્તાઓ પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. અદાણી ગેસ દ્વારા સીએનજીના ભાવમાં પ્રતિ કિલો બે રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. આ વધારા સાથે હવે અમદાવાદમાં સીએનજીનો નવો ભાવ રૂ.૮૮.૨૦થી વધીને રૂ.૯૦.૨૦ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે.



નોંધનીય છે કે, ચાલુ વર્ષ ૨૦૨૬માં જ સીએનજીના ભાવમાં કુલ ૧૦ રૂપિયાનો તોતિંગ વધારો થઈ ચૂક્યો છે. અગાઉ ૨૭ મેના રોજ પણ પ્રતિ કિલો રૂ.૨ વધારાયા હતા, જેના ગણતરીના મહિનાઓમાં જ ફરીથી ભાવવધારો કરવામાં આવ્યો છે.

વારંવાર થતા આ ભાવ વધારાને કારણે રીક્ષાચાલકો અને સીએનજી વાહનધારકોનું બજેટ ખોરવાયું છે. રિક્ષાચાલક યુનિયનના જણાવ્યા મુજબ, હજુ જૂનો ભાડા વધારો પણ અમલી બન્યો નથી ત્યાં આ નવો બોજ તેમના માટે પડ્યા પર પાટુ સમાન સાબિત થયો છે.